श्री

# जैन धर्म प्रकाश.

जं कल्ले कायव्वं, तं अज्जंचिय करेहु तुरमाणा ।
बहुविग्घो हु मुहुत्तो, मा अवरण्हं पडिक्खेह ॥ १ ॥

"જે કાલે કરવું હોય ( શુભ કાર્ય ) તે આજેજ અને તે પણ ઉતાવળે કર, કારણકે એક મુહૂર્ત્ત ( બે ઘડી ) પણ ઘણા વિઘ્નવાળું હોય છે, માટે બપોર સુધી પણ ખમીશ નહીં.
( વિલંબ કરીશ નહીં. )

પુસ્તક ૩૮ મું. ] શ્રાવણ-સંવત ૧૯૭૮. વીર સંવત ૨૪૪૮. [ અંક ૫ મો.

## कर्मथी त्रास पामी चेतने करेलो पोकार.

( રાગ બનજારા. )

ક્રીયા કરૂં કરમસેં હારા, મુજે ભવ અટવીપેં ડારા;
થક રહ્યો ભમી જગ સારા; તોપણ નહિ આયા પારા. ક્રીયા-૧
અનાદિ સંબંધી મિથ્યાત, મોહને અજ્ઞાન જસ ભ્રાત;
ચેતન ગુણને દીએ લાત, કરે ગુણસ્થાનકથી પાતરે. ક્રીયા-૨
મોહ મદિરા છાકે ઘેલો, અલમસ્ત બન્યો અલબેલો;
ભવનાટકમાં કરી ખેલો, કીઓ દુર્ગતિ મારગ સહેલોરે. ક્રીયા-૩
પરભાવે વીર્ય હુલાવ્યું, દુશમનનું દળ બુલાવ્યું;
ચઢ્યો મીણો ભાન ભૂલાવ્યું, કાંઠાનું નાવ રૂલાવ્યું રે. ક્રીયા-૪
વ્રતાદિક ઉદે ન આવે, અહિત સકળ મન ભાવે;
બાળચેષ્ટાએ કાળ જાવે, પણ સાધ્ય દ્રષ્ટિ ન થાવેરે. ક્રીયા-૫
ચેત ચેત ચેતન ચિત્ત ધારી, હિત શિખામણ છે સારી;
પરભાવ દિશાઓ વારી, સ્વમેળે વરે શિવનારી રે. ક્રીયા-૬

ઓધવજીભાઇ ગીરધર.

## वखत जाये वेगथी.

( રામ લક્ષ્મણ વનમાં સિધાવતા-એ રાગ )

ઉઠો સજ્જન ઉંઘ દૂરે કરી, થાઓ પરહિત કરવા તૈયાર,
ધરી બહુ પ્યાર, વખત જાયે વેગથી. ૧
સ્થાપો સુંદર શાળા જ્ઞાનની, આપો વિદ્યા વિવિધ પ્રકાર,
અનુભવસાર, વખત જાયે વેગથી. ૨
રૂડા નીતિના ગ્રંથ ભણાવજો, કરજો શુભ ગુણથી ભરપૂર,
વિવેકી શૂર, વખત જાયે વેગથી. ૩
તન ધન ને યૌવન અસ્થિર છે, તેનો ન કરે ચતુર વિશ્વાસ,
જાણે તે તો પાસ, વખત જાયે વેગથી. ૪
પૂર્વે જીવદયા પાળી હશે, વળી પોખ્યા હશે સત્પાત્ર,
કરેલ બહુ યાત્ર, વખત જાયે વેગથી. ૫
પામ્યા લક્ષ્મી પૂરવ પુન્યયોગથી. સ્થિતિ પૂર્ણ થતાં જાયે દૂર,
વગાડી તૂર, વખત જાયે વેગથી. ૬
દાન દેજો વિદ્યાનું ભલી પેરે, નહીં આવે તેની તોલે કોઇ,
ખરેખર હોઇ, વખત જાયે વેગથી. ૭
સુખ મળશે વિદ્યાદાન આપતાં, ટળશે જ્ઞાનાવરણીય કર્મ,
અન્તે શિવ શર્મ, વખત જાયે વેગથી. ૮
શિખ સાંભળી સજ્જન જાગજો, ધન ખર્ચો જ્ઞાનશાળામાંહ્ય,
સુંદર બાળ ચાહ્ય, વખત જાયે વેગથી. ૯

ભાઇલાલ સુંદરજી મહેતા—ઝીંઝુવાડા,

## महावीर प्रभुने चरणे

અરપો સુમન સદા સૌ, મહાવીર વીર ચરણે;
અરપો બરાસ ચંદન, મહાવીર વીર ચરણે. ૧
કરૂણા નિધાન અદ્દભૂત, સિદ્ધાર્થ નૃપતિ સુત;
નમું ત્રીશલા સુનંદન, મહાવીર વીર ચરણે. ૨
ચરણે હલાવ્યો મેરૂ, દાનવ કીધો સમ*એરૂ;
નમું નિશદિન એવા, મહાવીર વીર ચરણે. ૩

* 'સુમેરૂ' એમ વાંચવું.

ફણીધર થકી ન બીતાં, દૂર કીધ મિત્ર જોતાં;
બળવાન બાલ્યકાળે, નમું વીર વીર ચરણે. ૪
દાનેશ્વરી દયાળુ, કરૂણા નિધિ કૃપાળુ;
કલ્યાણકારી નમીએ, મહાવીર વીર ચરણે. ૫
યૌવન વિષે ઉપાડી, દીક્ષા ધુરા જગાવી;
જેણે નિજાત્મ જ્યોતિ, નમું વીર વીર ચરણે. ૬
તપસ્યા કીધી અતિશય, કરવા સ્વકર્મનો ક્ષય;
નમું ઉગ્ર જે વિહારી, મહાવીર વીર ચરણે. ૭
ઉપસર્ગને વધાવ્યા, શાંતિ ક્ષમા વધાર્યા;
જગજંતુને ક્ષમાવ્યા, નમું વીર વીર ચરણે. ૮
કર્ણે ખીલા નખાવ્યા, ચરણે અગન ધખાવ્યા;
નમું લેશ જે ડગ્યા ના, મહાવીર વીર ચરણે. ૯
ચરણે ડસ્યો ભયંકર, ક્રૂર સર્પ પ્રાણઘાતક;
તેના બન્યા ઉદ્ધારક, નમું વીર વીર ચરણે. ૧૦
હિંસક પશુ સ્વરૂપે, કષ્ટો દીધાં કુદેવે;
પ્રણમું તથાપિ નિશ્ચળ, મહાવીર વીર ચરણે. ૧૧
બાકુળ સાટે તારી, શ્રી ચંદના કુમારી;
શિવસુખના દાતારી, નમું વીર વીર ચરણે. ૧૨
ઝરણાં વહ્યાં દયાના, દુશ્મન પ્રતિ ક્ષમાના;
સમદ્રષ્ટિવાન્ પ્રણમું, મહાવીર વીર ચરણે. ૧૩
કર્મો બધાં ખપાવ્યાં, વીતરાગ થૈ ગવાયા;
વંદું ત્રિકાળ જ્ઞાની, મહાવીર વીર ચરણે. ૧૪
સિંચ્યા વચન સુધામય, ભવ્યાત્મના જે તારક;
મિથ્યાત્વના વિનાશક, નમું વીર વીર ચરણે. ૧૫
સદ્ગુણથી અલંકૃત, દેવેન્દ્રથી પરિવૃત્ત;
સમ્યક્ત્વદાયી પ્રણમું, મહાવીર વીર ચરણે. ૧૬
વિશ્વોપકારી બંધુ, ગંભીરતાએ સિંધુ;
અકલંકી પૂર્ણ ઇન્દુ, નમું વીર વીર ચરણે. ૧૭
ચિંતા કરી રડ્યાં કૈં, સંયમતણી ગતિની;
એવા ઉદાર નમીએ, મહાવીર વીર ચરણે. ૧૮
નિષ્કર્મી ને નિરાગી. નિર્દ્વેષી ને હિતૈષી;
શાસનપતિ સપ્રેમે, નમું વીર વીર ચરણે. ૧૯

અહોરાત્ર નામં વ્હાલું, 'મહાવીર' એ ઉચ્ચરીએ;
સુંદર મને શ્રી વીરના, વચનો સદાય સ્મરીએ. ૨૦

સુંદરલાલ ડાહ્યાભાઈ.

# આત્મ નિવેદન.

—:*૦*૦*:—

( લેખક—સદ્ગુણાનુરાગી કર્પૂરવિજયજી. )

આ વખતે (ચાલુ વર્ષમાં) દૈવ યોગે વઢવાણ કેમ્પથી વિહાર કર્યા પછી ફરતાં ફરતાં માંડલ, વીરમગામ, સાણંદ, ગોધાવી, અમદાવાદ થઇને પેથાપુર, માણસા, સમૌ, મેસાણા, વીસનગર, વડનગર, ઉમતા, સીપોર, તારંગાજી, ખેરાળુ, ઉંઝા ઉપર થઇને પરમાર્હંત શ્રી કુમારપાળ ભૂપાળની જ્યાં વીરહાક વાગતી અને હેમચંદ્રસૂરીશ્વરની દેશના ધ્વનિ ગાજી રહેતી તે પાટણશહેરનાં તીર્થસ્થળમાં ભારે વિશાળ અને મનોહર ચૈત્યોમાં બિરાજમાન થયેલી અનેક પ્રભુપ્રતિમાઓને જુહારવાનું સૌભાગ્ય અમને પ્રાપ્ત થયું. અષ્ટાપદજી નામથી ઓળખાતી ધર્મશાળામાં ઠેરવાનું ઠર્યું. અષ્ટાપદજીના દેરાસરનું વિશાળ ભોંયરૂં તેમાં પ્રભુ દર્શન કરતાં અનુભવાતી અપૂર્વ શાંતિનું યથાર્થ બયાન આપી નહિજ શકાય, ફક્ત એટલુંજ કહી શકાય કે એ અદ્ભૂત અનુભૂત દશ્યે અંતરમાંથી અનુપમ ચિરસ્થાયી અસર ઉપજાવી છે તે ભાગ્યેજ કદાપિ ભૂંસાઇ શકે. સ્થિરતાવાળા આત્માર્થી યાત્રાળુ જનોએ એ અપૂર્વ લાભ હાંસલ કરવા ભૂલવું ન જોઇએ. વળી પંચાસરાજી વિગેરે પવિત્ર ધામો પણ શાન્તિથી ભેટવા લાયક ભેટવાજ. પાટણથી પગરસ્તે ત્રણેક ગાઉ દૂર "ચારૂપ" તીર્થમાં શ્યામળા પાર્શ્વનાથજીના ઘણા પુરાતન અતિ અદ્ભૂત બિંબ છે. દર્શન કરતાં શંખેશ્વરજી પ્રભુ સાંભરે છે અને અતિ આલ્હાદ ઉપજાવે છે. આ બિંબ લાખો વર્ષ પહેલાં નિર્માણ થયેલા છે એમ જુના લેખ ઉપરથી સાબીત થઇ શકે છે. ઢુંઢક ભાઇઓની પેરે જેમનું મન પ્રભુપ્રતિમાજીનાં દર્શન પૂજનાદિક કરવામાં સાશંક રહેતું હોય તેમને પણ આવા ચમત્કારિક જિનબિંબોથી આર્દ્રકુમારની જેમ સહેજે ઉપકાર થવાનો સંભવ હોવાથી આ ટુંકા જીવનને સફળ કરવા એકાદ વખત સાક્ષાત અનુભવ કરી જોવા સાદર સૂચના કરી લેવી યોગ્ય ધારૂં છું. લગભગ ત્રણેક માસ સુધી કંઇને કંઇ નિમિત્ત યોગે પાટણમાં રહ્યા બાદ જેઠ શુદિ પૂર્ણિમાના દિવસે ચારૂપ તીર્થને ભેટી લેવા મન લલચાયું. ત્યાં એકાદ દિવસ વધારે અનુકૂળ સંયોગો મળતાં ટકી

અંજળ જોગે ડીસા શહેર તરફ અમારૂં પ્રયાણ થયું. વદિ પાંચમ બુધવારે અત્ર આગમન થયું. આ તરફના લોકો પ્રાયે ભોળા ભદ્રક ને ધર્મરૂચિવાળા છે. કચ્છ કાઠિયાવાડ અને ગુજરાતમાં મોટે ભાગે જ્યાં ત્યાં આપણા લોકોમાં **ખાન પાન પ્રસંગે ગોબરાઇ કરવાનો કુરીવાજ પડેલો છે. તે દૂર કરવા વર્ષો થયાં સહૃદય સાધુજનો** તથા **શાસનહિત સમજનારા શ્રાવક–શ્રાવિકાઓ પ્રયત્ન સેવી રહ્યા છે.** અહીં ચાતુર્માસ કરવા આગેવાનો તરફથી આગ્રહ થતાં તેમને ઉકત બાબી સંબંધી યોગ્ય સૂચના થતાં તે તેમને ગમ્યું અને આખા શહેરના સાધર્મી ભાઇઓને એકઠા કરી એકમત કરી ઉકત સુધારો તરત દાખલ કરવા નિશ્ચય ઉપર આવ્યા અને અમને નિવેદન કર્યું. આશા છે કે તેઓ તેનો આદર જલ્દી કરી અત્યાર સુધી ખાન પાન પ્રસંગે રીસાઇ ગયેલી શુદ્ધિને ફરી દાખલ કરશે. આની અસર આસપાસના ગામોમાં વસનારા જૈનો ઉપર સારી થવા પામી જણાય છે. વિહાર દરમિયાન આવેલા જૈન વસ્તીવાળા ગામ નગરોમાં આવા કુરીવાજો ચીવટથી દૂર કરવા ત્યાંના સ્થાનિક ભાઇ બ્હેનોનું લક્ષ ખેંચવા બનતું કર્યું છે. કહેતાં આનંદ થાય છે કે પ્રાયે દરેક સ્થળે એ બાબતની શાન્તિપૂર્વક સમજ આપતાં સુજ્ઞ ભાઇ બ્હેનોએ હવે પછી શુદ્ધિ રાખવા સહર્ષ સ્વીકાર કર્યો છે. આ મ્હારો જાતિ અનુભવ છે. જુદે જુદે સ્થળે ચાતુર્માસ રહેલા શાસનરસિક સાધુ સાધ્વીઓને સાદર નમ્રતાપૂર્વક નિવેદન કરવાનું કે એ અનિષ્ટ દોષમાંથી ભાઇ બ્હેનો ઉગરી જાય તેવો સફળ પ્રયત્ન તેઓએ કરવો જારી રાખવો. **ગોબરૂં પાણી પીવાથી, બીજાને પાવાથી અને તેવડેજ રસોઇ બનાવી ખાવાથી,** ખવરાવવાથી અને સાધુ સાધ્વીઓને વહોરાવવાથી કેટલી બધી હાનિ થવા પામે છે? સ્વપરહિત રક્ષાય તેમ સહુ સાવધાનતાપૂર્વક વર્તશો. ઇતિશમ્.

## કૃષ્ણચરિત્રમાંથી સ્વપરહિતાર્થે ઉદ્ધૃતમ્.

માણસની બધી વૃત્તિઓની સંપૂર્ણ સ્ફૂર્તિ અને સામંજસ્ય તે **મનુષ્યત્વ.** જેને તે બધી વૃત્તિઓની સ્ફૂર્તિ અને સામંજસ્ય પ્રાપ્ત થયાં હોય તે **આદર્શ મનુષ્ય.** ( ધર્મ તત્ત્વ. )

એ મનુષ્યત્વ–ધર્મનું ઉપાદાન તે આપણી વૃત્તિઓનું અનુશીલન, પ્રસ્ફુરણ તથા ચરિતાર્થતા. એ વૃત્તિઓના ચાર વિભાગ થઈ શકે છે. શારીરિકી, જ્ઞાનાર્જની, કાર્યકારિણી તથા ચિત્તરંજની.

બાકી.

# પ્રભુપૂજા પ્રસંગે ભવ્યાત્માઓને ઉપયોગાર્થે બે બોલ.

૧ જેમ અનાદિ કર્મ—મળ હરવા ( પખાળવા ) અત્યંત હર્ષભર ઇન્દ્રાદિક દેવો અને માનવો પ્રભુનો પવિત્ર જળવડે અભિષેક કરે છે તેમ ભવ્યજનોએ રાગ દ્વેષ અને કષાયજનિત અનાદિ તાપ હરવા ( સમાવવા ) નિમિત્તે શ્રી જિનેશ્વર પ્રભુના અંગે સર્વોત્તમ બાવનાચંદનાદિક શીતળ દ્રવ્યોવડે વિલેપન પૂજા કરવી ઘટે છે.

૨ પ્રભુના સર્વાંગે મસ્તકથી ચરણ પર્યન્ત ઉક્ત શીતળ દ્રવ્યોવતી ભાવિક જનોએ સદાય વિલેપન કરવું જોઇએ. માત્ર અમુક અંગે તિલક કરવા કરતાં સર્વાંગે સર્વોત્તમ શીતળ દ્રવ્યોવતી વિલેપન કરવાનો અભ્યાસ ભાવિક જનોએ રાખવો જોઇએ.

૩ ચિત્તપ્રસન્નતાની વૃદ્ધિ નિમિત્તે નિરંતર ઉત્તમ પ્રકારના સુગંધી ને ખીલેલાં તાજાં પુષ્પોવતી પૂષ્પપૂજા કરવી જોઇએ. સોયથી વીંધીને નહીં પણ કાચા સૂત્રના દોરાવતી ઢીલી ગાંઠ દઈને ગુંથેલી ફૂલની માળા પ્રભુના કંઠે ઠરાવવાનો અપૂર્વ લાભ પણ તથાપ્રકારની સામગ્રી યોગે લઈ શકાય છે.

૪ કાંટાની અણી લગાર સરખી બેસી જવાથી આપણને અપાર દુઃખ થાય છે તો અત્યંત સુકોમળ પુષ્પોને તીક્ષ્ણ સોયની અણીવતી વીંધવાથી કેટલું ભારે દુઃખ થતું હશે તેનો ખ્યાલ—વિચાર જરૂર કરવો જોઇએ.

૫ પ્રભુપૂજા પ્રસંગે પુષ્પાદિકને નાહક કિલામણા ઉપજાવવી વ્યાજબી નથી. વિધિ યુક્ત બનેલી પુષ્પમાળા મળી નજ શકે તો ભાવિકજનો છુટાં ફૂલ ચડાવીને સંતોષ માને.

૬ દશાંગાદિક ઉત્તમ સુગંધી ધૂપ પ્રભુ પાસે ઉખેવતા સુવાસના યોગે અનાદિ કુવાસના દૂર કરી જેમ ધુપઘટા ઉંચી જાય છે તેમ ભાવિક આત્માઓ પણ ઉંચી ગતિ સાધી શકે છે.

૭ ગાયના સુગંધી ઘીવડે પ્રભુ સમીપે દીપક પ્રગટાવી અનાદિ અજ્ઞાન અંધકાર ફેડી—દૂર કરી શકીએ.

૮ પ્રગટાવેલ દીપક જયણા યુક્ત ફાનસ પ્રમુખમાંજ સંભાળીને રાખવો, જેથી નાહક અન્ય જંતુઓની વિરાધના થવા ન પામે. ઘરમાં પણ દયાળુ ભાઇ બ્હેનોએ જયણાથીજ દીપક પ્રમુખ રાખવાં ઘટે, તો પ્રભુ ભક્તિપ્રસંગે તો ખાસ જયણા—જીવદયાને લગારે વિસારી નજ શકાય.

૯ આજકાલ જ્યાં ત્યાં ગામ કે નગર ચૈત્યો ( દેરાસરો ) માં જયણાનો ઉપયોગ બહુજ ઓછો રહે છે એ ખેદની વાત છે. ખોટો દેખાવ—આડા-

ડંબર કરવા કરતાં વિધિયુકત થોડું પણ ધર્મ સાધન કર્યું છતું હિતરૂપ થઇ શકે છે; છતાં મુગ્ધજનો તો લોકરંજન તરફ દોરાઇ જઇ વિધિમાર્ગને સાવ ભૂલી જાય છે. દેખાદેખી જણાયા વગર સેંકડો દીવા ઝાડા કરી હર્ષ મનાય છે તે કરતાં એકજ દીવો જયણાયુકત આત્મલક્ષથી કરાય તે ઉત્તમ છે.

૧૦ અક્ષય સુખ પામવા પ્રભુ સમીપે અખંડ અને ઉજ્વળ ચોખાવતી સ્વસ્તિક-સાથીઓ ચાર ગતિને ચૂરવા કરવાનો છે.

૧૧ પ્રભુ પાસે જેવા તેવા ઘણા તંદુલ ઢોકવા કરતાં થોડા પણ અખંડ અને ઉજ્વળ તંદુલ-ચોખા વાપરવા સહુએ લક્ષ રાખવું જોઇએ.

૧૨ સરસ અને ઉત્તમ વિવિધ જાતના ફળ કેવળ આત્મકલ્યાણ નિમિત્તે પ્રભુ પાસે ઢોકવા તે મોક્ષાર્થી જનોને ઉચિત છે.

૧૩ ફળવડે ફળ પામીએ-મોક્ષ ફળ મેળવવા સરસ ફળજ ઢોકવું ઘટે.

૧૪ જન્મ જરા અને મરણ જનિત અનંત દુઃખ-પરંપરાથી છુટવા અને પ્રભુ સમું અણાહારી પદ પામવા ઉત્તમ પ્રકારનાં પવિત્ર પકવાન્નાદિક પ્રભુ પાસે પ્રતિદિન ભાવિક જનો ઢોકે છે.

૧૫ શરીર અને વસ્ત્રાદિકની શુદ્ધિ સાચવી પ્રસન્ન મનથી પ્રભુ પાસે ઢોકવા યોગ્ય પકવાન્નાદિક પવિત્રતા તરફ લક્ષ રાખીનેજ તૈયાર કરવાં, તેમાં વિદેશી ભ્રષ્ટ ખાંડ પ્રમુખ વાપરવા ન ઘટે. અભક્ષ્ય વસ્તુથી નીપજતી અને મલીન મિશ્રણવાળી ખાંડ સાકર અને કેશર જેવી વસ્તુથી અને તેટલા પરહેજ રહેવું. થોડી કે ઘણી શુદ્ધ પવિત્ર વસ્તુનોજ સર્વત્ર ઉપયોગ કરવો જોઇએ.

(સ. ક. વિ.)

## કૃષ્ણ ચરિત્રમાંથી સ્વપરહિતાર્થે ઉદ્ધૃતમ્.

જે વૃત્તિઓ દ્વારા આપણે સૌંદર્યાદિકનું અવલોકન કરી નિર્મળ અને અતુલ આનંદ ભોગવીએ છીએ, તેનું નામ ચિત્તરંજીની વૃત્તિ, તેનું પૂરેપૂરૂં અનુશીલન થાય તો સચ્ચિદાનંદમય જગત તથા જગત્મય સચ્ચિદાનંદ સ્વરૂપનો સંપૂર્ણ અનુભવ થાય. એ વૃત્તિનું અનુશીલન ન થાય તો ધર્મની હાનિ થવાનો સંભવ છે.

પોતાનો ધર્મસંયુકત અધિકાર કોઇએ છોડી દેવો ન જોઇએ, છ મળ કરતાં ક્ષમા વિવેકીને મન એટલી બધી ઉત્કૃષ્ટ હોય છે કે બળ વાપરવા કરતાં અર્ધો હક છોડી દેવો એ વધારે સારૂં.

પારકાનાં રાજ્ય લઇ લેનાર-પચાવી પાડનાર મોટા ચોર-લુંટારા છે અને બીજા નાના ચોર છે, નાના ચોર છુપી ચોરી કરે છે ત્યારે મોટા ચોર જાહેર રીતે કરતા રહે છે.

(બાકી)

# મૃત્યુ–મહોત્સવ ભાષા–ટીકા.

——:*००*:——

૧ મૃત્યુમાર્ગમાં પ્રવૃત્ત એવા મ્હને જ્યાંસુધી મોક્ષનગરે પહોંચું ત્યાં સુધી વીતરાગ ભગવાન સમાધિ અને બોધરૂપ સુખસાધક ઉત્તમ ભાતું આપો. અપ્રમત્ત ભાવે રત્નત્રયીની પ્રાપ્તિ અને આરાધના મુને હો! એજ અક્ષય સુખસાધક ભાતું છે.

૨ હે આત્મા! કરમિયાના સમૂહથી ભરેલું આ જાજરૂં દેહપિંજર નષ્ટ થતું હોય ત્યારે ત્હારે બ્હીવું નહીં, કેમકે તું તો જ્ઞાનસ્વરૂપ–જ્ઞાનના પિંડરૂપ ( અરૂપી ) છે. દેહ નષ્ટ થયે ત્હારૂં જ્ઞાનસ્વરૂપ કાંઇ નષ્ટ થતું નથી. એમ સમજી તું સ્વસ્થતાને ધારણ કર.

૩ હે જ્ઞાની આત્મા! મૃત્યુ–મહોત્સવ પોતાને પ્રાપ્ત થયે છતે ત્હારે બ્હીવાનું પ્રયોજનજ શું છે? કેમકે જૂના–જીર્ણ દેહને તજી નવીન–ઉત્તમ દેહને ધારણ કરતો આત્મા પોતાના સ્વરૂપથી ચ્યુત થતો નથી. સમાધિ મરણ કરનાર પોતાના જીર્ણ દેહને તજી રત્નત્રયીના આરાધનથી ઉત્તમ પ્રકારના ઉત્તરોત્તર સુખવાળા સ્થાનનેજ પામે છે.

૪ મૃત્યુ પહેલાં વિવેકપૂર્વક જે કાંઇ સારૂં આચરણ કરાય છે, જીવજયણા, કષાયજય, ઇન્દ્રિયદમન, પાપત્યાગ અને યોગશુદ્ધિ પ્રમુખથી પોતાના આત્માને સુરક્ષિત કરાય છે. તેનું શુભ ફળ–પરિણામ સ્વર્ગલોકના સુખ ભોગવવારૂપ થાય છે; તો પછી જ્ઞાની એવા સત્પુરૂષોને મૃત્યુનો ભય હોયજ શા માટે?

૫ ગર્ભાધાન–ગર્ભાવાસથી માંડી દેહ–પિંજરમાં પડેલો દુઃખ સંતાપ આત્માનો મૃત્યુરૂપ [ ન્યાયી ] રાજાના પ્રસાદ વગર છુટી શકતો નથી. સમાધિ મરણ એ ભારે ન્યાયી રાજા છે. એનું શરણ સાવધાનતાથી કરનાર સર્વ પ્રકારનાં દુઃખથી મુક્ત થઇ અક્ષય સુખ સાધી શકે છે.

૬ આત્મદર્શી–આત્મજ્ઞાનીઓ સર્વ દુઃખને દેનાર દેહ–પિંડની મમતા દૂર કરીને મૃત્યુ ( સમાધિ મરણ ) ની કૃપાથી યથાર્થ સુખસંપદા પ્રાપ્ત કરી શકે છે એ વાત નિઃશંક છે.

૭ મૃત્યુરૂપી કલ્પવૃક્ષ સાક્ષાત્ પ્રાપ્ત થયે છતે જે આત્માર્થે કલ્યાણ સાધી શકતો નથી તે સંસારના ચીકણા કાદવમાં ખુંચ્યો છતો પછી શું કરી શકશે? કાંઇજ નહીં.

૮ જેનાથી જીર્ણ શરીરાદિકનો નાશ થઇ બધું નવુંજ થવા પામે છે

તે મૃત્યુ ઉત્તમ જનોને હર્ષ-આનંદ માટે કેમ ન હોય ? કેમકે તેઓ તો પરિણામદર્શી હોવાથી જેના અંતે સુખ-ઉન્નતિ થાય તે મૃત્યુને દુઃખરૂપ નજ લેખે.

૯ જે આત્મા દેહ-પિંડમાં રહ્યો છતો સુખ દુઃખને સદા જાણે છે-જ્ઞાયક સ્વભાવથી સર્વ ભાવને જાણી શકે છે અને કર્મરચના અનુસારે પોતે પરભાવમાં પ્રયાણ કરે છે, તે ત્યાં પણ સ્વસ્વભાવની રક્ષા જેવી ને તેવી કરી શકે છે. તો પછી વસ્તુતઃ મરણનો ભય જ્ઞાનીને નજ હોવો ઘટે.

૧૦ સંસારમાં જેમનું ચિત્ત ખુંચેલું ( લીન થયેલું ) છે તેવા જીવોને મૃત્યુ ભય-ત્રાસરૂપે હોઇ શકે, પરંતુ જ્ઞાન અને વૈરાગ્યવાસિત જનોને તો તે આનંદ માટેજ થાય છે. સાવધાનપણે સ્વરૂપ સ્મરણ કરનારને મૃત્યુ કશી હાનિ કરી નજ શકે; પરંતુ એનામાં ઓર જાગૃતિનેજ પ્રેરે.

૧૧ સુકૃતને ભોગવવાની ઈચ્છાથી જ્યારે આત્મા પરલોકમાં ગમન કરે છે ત્યારે દેહાદિક કોઇ તેને રોકી શકતાં નથી. એવે સમયે રત્નત્રયીની આરાધના કરવા અધિક સાવધાનતા રાખવી એકાન્ત હિતકારી છે.

૧૨ મૃત્યુ વખતે જ્વર શ્વાસાદિક રોગજનીત જે દુઃખ થાય છે તે દેહ ઉપરની મમતા દૂર કરવા અને મોક્ષસુખ માટે રત્નત્રયીની સાધના ઉલ્લસિત ભાવે કરી લેવા અને તેટલી સાવધાનતાપૂર્વક પ્રયત્ન કરવા માટે છે, એમ જ્ઞાની મહાશયો હિતબુદ્ધિથી જણાવે છે.

૧૩ જગતને તાપ-સંતાપકારી જણાતું મૃત્યુ જ્ઞાની પુરૂષોને તો મોક્ષ માટે થાય છે. કાચો કુંભ જો અગ્નિનો તાપ સહન કરે છે તો તે લોકમાં પાત્રતા પામે છે, તેમ સમભાવે મૃત્યુનો તાપ સહન કરનાર ભવ્યાત્મા અક્ષય સુખરૂપ મોક્ષને પાત્ર થઇ શકે છે.

૧૪ વ્રત નિયમ અર્થે ભારે ક્રિયાકષ્ટ સહન કરવાથી સત્પુરૂષો જે શુભ ફળ મેળવી શકે છે તે મૃત્યુકાળે સમાધિ-ચિત્તની સ્વસ્થતા-પ્રસન્નતા સાચવી રાખવાથી સહેજે-વિના કષ્ટે મળી શકે છે.

૧૫ દીનતા રહિત-અદીન પરિણામે શાન્તિ-સમતા સહિત કાળ કરનાર મનુષ્ય નરક અને તિર્યંચરૂપ દુર્ગતિને પામતો નથી અને જે ધર્મધ્યાન ધ્યાતો છતો અનશન પ્રમુખની આરાધના કરીને કાળ કરે છે તે તો દેવલોકમાં ઇન્દ્રપણું કે મહર્ધિકપણું પામી શકે છે.

૧૬ તપસ્યા કરી હોય, વ્રત પાળ્યાં હોય અને શ્રુત-જ્ઞાનનો અભ્યાસ કર્યો હોય એ બધા સદનુષ્ઠાન કર્યાનું ફળ સમાધિયુક્ત મૃત્યુ જાણવું. સમાધિમરણવડેજ એની સાર્થકતા છે, તેથી તેવે પ્રસંગે ખુબ સાવધાનતા રાખવી ઘટે. સમાધિમરણવડે એ બધાંય લેખે થાય છે.

૧૭ લોકોક્તિ એવી છે કે 'જેનો અતિ ઘણો પરિચય થાય તેના પ્રત્યે અનાદર યા અરૂચિ પ્રગટે અને બીજી કોઇ નવીન વસ્તુ ભણી આદર-રૂચિ જાગે' એ વાત પ્રસિદ્ધ છે; તો પછી લાંબા વખતના પરિચયવાળા શરીરનો નાશ અને અભિનવ શરીરનો લાભ થતાં શા માટે બ્હીવું ? બળહીન-નિઃસત્ત્વ દેહ છુટી જાય અને તપ જપ સંયમને ઉત્સાહિતભાવે સેવન કરવાથી ઉત્તમ સબળ દેહની પ્રાપ્તિ થાય તેમાં તો વસ્તુતઃ લાભજ છે, હાનિ નથીજ; તો પછી તેવા ક્ષણવિનાશી દેહ ઉપરના ખોટા મમત્ત્વથી ભય શોકાદિક કરી બાજી શા માટે બગાડવી ? શાણા જનો તો સમય ઓળખી વધારે સાવધાનતાજ રાખે, જેથી ઉપર જણાવ્યા મુજબ બહુધા સ્વર્ગગતિનેજ પામે.

૧૮ પછી સ્વર્ગલોકમાં આયુષ્યની સ્થિતિ પર્યન્ત દિવ્ય સુખ ભોગવી આયુષ્ય ક્ષયે ત્યાંથી ચ્યવી ઉત્તમ પવિત્ર કુળમાં અનેક જનોવડે ચિન્તવન કરતા આવી અવતરે. ત્યાં ભક્તિકારક જનોને બહુ પ્રકારે વાંછિત ધન આપે; વળી પોતે ભોગ વિલસી આયુષ્યની સ્થિતિ પ્રમાણે પૃથ્વીમંડળમાં રહી નૃત્ય કરવાના સ્થાનમાં નૃત્યકાર જેમ લોકને આનંદ ઉપજાવી વિસર્જન થઈ જાય છે તેમ સંતજનો લોકોને આનંદ ઉપજાવી સંસારનો ત્યાગ કરી અપ્રમત્ત ભાવે ઉત્કૃષ્ટ તપ સંયમને આરાધી ઉત્કૃષ્ટ વધતી જતી પરિણામની ધારાથી નિર્મળ ધ્યાનયોગે સકળ કર્મમળનો સર્વથા ક્ષય કરીને અક્ષય-અવિનાશી એવું મોક્ષપદ પામે છે.

ઉપસંહાર—ઉપરોક્ત મૃત્યુ મહોત્સવ સંબંધી ઉલ્લેખ તેની ભાષા-ટીકા સહિત મૂળ સંસ્કૃત અનુષ્ટુપ શ્લોકો નાતિ શુદ્ધરૂપે આત્મહિતબોધ નામની એક જુની બુકમાં જોવામાં આવ્યો. તે સ્વપરને હિતકારી જાણી સારરૂપે સ્વભાષામાં સહુને સરલતાથી સમજાય તેમ ઉતાર્યો છે. ખચીત ભાઇ બ્હેનો તે વાંચી વિચારી મૃત્યુનો કલ્પિત ભય નિવારી નિર્ભય બની તેવે પ્રસંગે રાખવા યોગ્ય સાવધાનતાથી પવિત્ર રત્નત્રયીરૂપ નિજધર્મનું આરાધન કરવા ઉજમાળ બને અને અનંત જન્મ જરા મરણ જનિત અનંત દુઃખના પાશમાંથી સર્વથા મુક્ત થવા પામે, એટલે કલ્યાણ. હિંસાદિક પાપનો સર્વથા ત્યાગ કરી અહિંસાદિક નિર્દોષ માર્ગનું સેવન કરનારને મૃત્યુનો શા માટે ડર હોય ? સહુને અભય આપે તે પોતે અભયજ બને અને નિર્ભયપણે નિર્દોષ મોક્ષમાર્ગમાંજ વિહરનારાઓ સ્વપરનું અનંત કલ્યાણજ સાધે, તો પછી તેવા મહાપુરૂષોને મન મૃત્યુ મહોત્સવરૂપજ હોય એમાં આશ્ચર્ય જેવું શું છે ? ઇતિશમ્.

( સ. ક. વિ. )

# શ્રી ચિદાનંદજી (કર્પૂરચંદજી) કૃત પદોનું વિવેચન.

## પદ ચોથું—રાગ મારૂ.

બંધ નિજ આપ ઉદીરત રે, અજા કૃપાણી ન્યાય. બંધ૦
જકડ્યા કિણે તોહે સાંકળા રે, પકડ્યા કિણે તુજ હાથ;
કોણ ભૂપકે પહરૂચે પ્યારે, રહત તિહારે સાથ. બંધ૦ ૧
વાંદર જિમ મદિરા પીએ રે, વીંછુ ડંકિત ગાત;
ભુત લગે કૈતુક કરે પ્યારે, તિમ ભ્રમકો ઉતપાત. બંધ૦ ૨
કીર બંધ્યા જિમ દેખીએ રે, નલિની ભ્રમર સંયોગ;
ઇણવિધ ભયા જીવકું પ્યારે, બંધનરૂપી રોગ. બંધ૦ ૩
ભ્રમ આરોપિત બંધથી રે, પર પરિણતિ સંગ એમ;
પરવશતા દુઃખ પાવતે પ્યારે, મર્કટ મુઠી જેમ. બંધ૦ ૪
મોહ દશા અળગી કરો રે, ધરો સુસંવર ભેખ;
ચિદાનંદ તવ દેખીએ પ્યારે, શશી સ્વભાવકી રેખ. બંધ૦ ૫

**સરલ વ્યાખ્યા**—ચિદાનંદજી મહારાજ કહે છે કે-હે મુગ્ધ જીવ ! તું નવો નવો કર્મ-બંધ થાય તેવું સ્વચ્છંદી વર્તન નિષ્પ્રયોજન-વગર કારણે કર્યા કરે છે. જેમ કોઇ કસાઈ એક મુગ્ધ બકરીને મારવા નાનકડી તલવાર કે છરી લઇ વધસ્થળે જતો હતો, તેવામાં અચાનક પેલું શસ્ત્ર તેના હાથમાંથી સરી પડી રેતાળ જમીનમાં દટાઇ ગયું, તેને તે કમનશીબ બકરીએ શીંગડાવતી ખોદી બહાર કાઢયું; તેથી તેજ કાતિલ શસ્ત્રવતી કસાઇએ તેના પ્રાણ લીધા. તેમ તું પણ સ્વચ્છંદે ચાલી જાતેજ દુઃખી થાય છે. તું ધારે તો સહજ વિવેકથી ચાલી, એવાં દુઃખથી ઉગરી શકે ખરો, તને પગ-બેડી પરાણે કોણે નાખી છે ? તને હાથ-કડી કોણે કરી દીધી છે ? કયા રાજાના ખીજમતદારો તારી પછવાડે લાગી રહ્યા છે ? કે જેથી વગર ઇચ્છાએ પરાણે નવો કર્મ-બંધ કરવા તને ફરજ પડે છે ? જેમ કોઇ વાંદરે દારૂ પીધો હોય, વળી તેને વીંછી કરડ્યો હોય, અથવા તો કોઇને ભૂત વળગ્યું હોય તે વિવિધ પ્રકારની ચેષ્ટા કરે છે તેમ મિથ્યાત્વ-અજ્ઞાન વશ વિપરીત આચરણથી નવો કર્મબંધ થાય એવો તું ઉત્પાત કરે છે. જેમ પોપટને પકડી લેવા પારાધી લોકો એવું એક પ્રકારનું યંત્ર ગોઠવે છે કે તેના ઉપર બેસતાંજ તે યંત્ર ચક્કર ચક્કર ફરવા માંડે છે, એટલે એ અજ્ઞાન પોપટ તેમાંથી છટકી ઉડી જવાને બદલે ભ્રમવશ પોતાને પકડાઇ ગયેલો-પાશમાં આવી પડેલો જાણી દુઃખી થાય છે, તેમ મિ-

થ્યાત્વ-અજ્ઞાનવશ નવો નવો કર્મ-રોગ વહોરી લઈ તું દુઃખી થાય છે. વળી જેમ માંકડો (વાંદર) કોઇ એક સાંકડા મોઢાના ધાન્યના વાસણમાંથી ધાન્ય કાઢી ખાવા તેમાં અજ્ઞાનવશ હાથ નાખે છે અને ધાન્યની મુઠી ભરી બહાર કાઢવા મથે છે, પણ તે કેમે કરી બહાર નીકળી શકતી નથી, એટલે ચીચીઆરીઓ પાડતો દુઃખી થયા કરે છે, તેમ મુગ્ધ જીવો મિથ્યાત્વયોગે જડ વસ્તુ સાથે ભળી જઇ, તેમાં મમત્વ બાંધી અવનવો કર્મબંધ કરી પરતંત્ર બની હાથે કરીને દુઃખી થયા કરે છે. આવી ગૂઢ અજ્ઞાન દશાવશ મુગ્ધ જીવો કઇંક ન કરવાનાં કામો કરે છે, અને સ્વચ્છંદતારૂપ પ્રમાદ મદિરાનું યથેચ્છ પાન કરી દુઃખી થયાં કરે છે, તેથીજ પરમ ઉપગારી ચિદાનંદજી જેવા સમ્યગ્ જ્ઞાન અને ચારિત્ર-કરણીમાં રસિક ગુરૂમહારાજ આવા મુગ્ધ-મૂઢ જીવને સમજાવે છે કે વિષય, કષાય, નિદ્રા, વિકથાદિક પ્રમાદાચરણ તજી, મન ઇન્દ્રિયાદિકને કાબુમાં રાખી જો સાચે રસ્તે ચાલવા પ્રયત્ન કરશે, તોજ તે દુઃખ-દુર્ગતિકારક વિભાવ-વિષને વમી અમૃત સમાન સુખને-શીતળતા આપનારી આત્માની સહજ-સ્વાભાવિક સ્થિતિને પામી શકશે.

**સારબોધ**-મોહવિકળ (મુગ્ધ) જીવ અનાદિ અજ્ઞાન અને મિથ્યાત્વ-કષાયવશ, ઈન્દ્રિયોના ગુલામ બની એવાં એવાં વિપરીત આચારણ કરે છે કે જેથી જન્મ મરણનાં અનંતા દુઃખ સહેવાં પડે એવો અવનવો કર્મબંધ તે કરતોજ રહે છે. મોહ મદિરા પીને મદોન્મત્ત બની મુગ્ધ જીવ અનેક કુચેષ્ટાઓ કર્યા કરે છે; જેથી પરિણામે ભારે દુઃખ-સંક્લેશ સહીને અધોગતિને પામે છે, અને એવી કુબુદ્ધિ સૂઝે છે કે તે દુઃખનાં હેતુરૂપ દુરાચરણને પણ સુખના હેતુરૂપ માને છે અને આચરે છે. ઉપરોક્ત ઉગ્રવિષ સમાન, અનેક ભવ પર્યન્ત સંતાપકારક પરમ શલ્યરૂપ મિથ્યાત્વને ટાળી, પરમ અમૃત સમાન સુખદાયક અને શીતળતાકારક, આત્માની ભારે ઉન્નતિકારક, સદ્ગતિદાયક અને અનુક્રમે સકળ કર્મ-ક્લેશને નિવારી પરમ નિવૃત્તિરૂપ અક્ષય અવિનાશી મોક્ષસુખ સાથે મેળવી આપનાર સમ્યગ્ દર્શન, જ્ઞાન અને ચારિત્રને શુદ્ધ ભાવથી આદરવા પરમ ઉપકારી ગુરૂ મહારાજ સમજાવે છે. ઇતિશમ્

---

## પદ પાંચમું—રાગ કાફી.

મતિ મત એમ વિચારોરે, મત મતીયનકા ભાવ. મતિ૦
વસ્તુ ગતે વસ્તુ લહો રે, વાદવિવાદ ન કોય;
સૂર તિહાં પરકાશ પીયારે, અંધકાર નવિ હોય. મતિ૦ ૧
રૂપ રેખ તિહાં નવિ ઘટેરે, મુદ્રા ભેખ ન હોય;
ભેદજ્ઞાન દૃષ્ટિ કરી પ્યારે, દેખો અંતર જોય. મતિ૦ ૨

તનતા મનતા વચનતારે, પર પરિણુતિ પરિવાર;
તન મન વચનાતીત પીયારે, નિજ સત્તા સુખકાર, મતિ૦ ૩
અંતર શુદ્ધ સ્વભાવમેંરે, નહીં વિભાવ લવલેશ;
ભ્રમ આરોપિત લક્ષથી પ્યારે, હંસા સહત કલેશ. મતિ૦ ૪
અંતર્ગત નિહચે ગહીરે, કાયાથી વ્યવહાર;
ચિદાનંદ તવ પામીએ પ્યારે, ભવસાયરકો પાર. મતિ૦ ૫

**ભાવાર્થ**—અહો મતિવંતો ! જૂદા જૂદા દર્શનનો ભાવ-પરમાર્થ (રહસ્ય) આ રીતે સ્થિર બુદ્ધિથી-શાન્તિથી તમે વિચારો. વસ્તુને વસ્તુગતે-યથાર્થ ઓળખી આદરીએ એમાં કશા વાદ-વિવાદને અવકાશ નજ હોય. જ્યાં સૂર્ય-ઉદય થયો હોય ત્યાં પ્રકાશ ઝળઝળાટ કરતો હોય, પણ અંધકાર-અંધારૂં હોવું નજ સંભવે. ૧

વિવેક દૃષ્ટિથી અંતરમાં (આત્મામાં) અવલોકન કરાય તો ચૈતન્ય સ્વરૂપી આત્માને રંચમાત્ર (લગાર) વર્ણ-રૂપાદિક ઘટે નહીં તેમજ અરૂપી (નિરંજન) આત્માને વેષ લિંગાદિક પણ ઘટે નહીં. ફક્ત કર્મવશ આત્મામાં વ્યવહારવશ એવો ઉપચાર કરી શકાય છે. કર્મમુક્ત દશામાં એ વ્યવહાર રહેતોજ નથી. ૨

ત્રણે તન-મન-વચનનો ભાવ-વ્યાપાર એ પરપરિણુતિના પરિવારરૂપ અને તન-મન-વચન રહિત આત્માની સહજ સ્વાભાવિક શક્તિનેજ ખરી આત્મ-પરિણુતિરૂપ લેખવા યોગ્ય છે. ૩

આત્માના શુદ્ધ સ્ફટિક સમાન નિષ્કષાય-વીતરાગ સ્વભાવમાં રંચમાત્ર વિભાવ-રાગદ્વેષાદિક પરિણુતિ ઘટતીજ નથી. રાગદ્વેષાદિ વિભાવ પરિણુતિને ભ્રમ-વશ સારી સ્વભાવ પરિણુતિ માની લેવાથીજ આત્મા જન્મ મરણજનિત અનંત દુઃખ-કલેશને સહેતો રહે છે. ૪

શુદ્ધ સ્ફટિક રત્ન સમાન ઉજ્વળ અવિકારી આત્માની વિતરાગ દશાને પ્રગટ કરવાનું સાધ્યમાં રાખીને, સાધનરૂપ વિતરાગોક્ત વ્યવહારનું જે યથા-વિધિ પાલન કરે છે તે મહાનુભાવ ભવસાગરનો પાર પામી શકે છે. યતઃ— "નિશ્ચય દૃષ્ટિ હૃદય ધરીજી, પાળે જે વ્યવહાર; પુન્યવંત તે પામશેજી, ભવસમુદ્રનો પાર, મનમોહન જિનજી" સર્વજ્ઞ વિતરાગોક્ત વ્યવહાર-સાધનનો જે લવલેશ આદર કરતા નથી તે સંસારમાં ભટકે છે, પરંતુ આત્માનું શુદ્ધ સ્વરૂપ પ્રગટ કરી લેવામાં તેને ખાસ હેતુરૂપ સમજી, તેનો યથાયોગ્ય આદર કરતા રહે છે તે આજ્ઞા આરાધક પુન્યશાળી આત્મા જલ્દી વિતરાગ દશાને પામી શકે છે. એથી ઉલટું જેઓ આત્માની ઉચ્ચ દશાની મોટી મોટી વાતો કરીનેજ વિરમે છે-તેવું શુદ્ધ સ્વ-રૂપ પ્રગટાવવા ખાસ સાધનરૂપ શ્રીવિતરાગોક્ત વ્યવહાર માર્ગનું સંસેવન કરતા

નથી, પણ તેનો અનાદર કરે છે તે બાપડા ઉભય ભ્રષ્ટ બને છે. જેનાથી રાગ દ્વેષ અને મોહ વિલય થાય એવા શુદ્ધ જ્ઞાન અને કરણીરૂપ ભાવ અધ્યાત્મ કલ્યાણાર્થી જીવને આદરવા યોગ્ય છે. બાકીનો બાહ્યાડંબરરૂપ અધ્યાત્માભાસ તો કેવળ અહિતરૂપ સમજી પરિહરવા યોગ્યજ છે.

**સારબોધ**—શ્રીમાન્ આનંદઘનજી મહારાજ કહે છે તેમ 'અભિમતે વસ્તુ વસ્તુગતે કહે રે, તે વિરલા જગ જોય.' જો આત્મામાં—હૃદયમાં સાચો જ્ઞાન–વિવેક સૂર્ય ઉગ્યો હોય તો પછી રાગ દ્વેષ અને મોહજનિત અંધકાર ત્યાં સંભવેજ કેમ? નિશ્ચય દૃષ્ટિથી વિચારતાં આત્મા શુદ્ધ જ્ઞાનાદિ ચેતનવાળો છે. મન અને ઇન્દ્રિયોને પણ અગોચર છે. શબ્દ, રૂપ, રસ, ગંધ અને સ્પર્શ રહિત છે. શક્તિરૂપે સિદ્ધ સમાન છે, અજર અમર છે. એ શક્તિને વ્યક્ત–પ્રગટ કરવાને સર્વજ્ઞ–સર્વદર્શી ભગવાને એકાન્ત હિતબુદ્ધિથી ભવ્યજનોના હિત માટે બતાવેલ પવિત્ર રત્નત્રયીનું આરાધન કરવાની જરૂર છે. તેમાંજ તન મન વચનની એકાગ્રતા કરવી ઉચિત છે. એથી ઉલટે માગે તન મન વચનનો ઉપયોગ કરવાથી તો ભવ–ભય વધતો જાય છે. તેથીજ તેમને પરપરિણામ કહેવો ઘટે છે. જેથી રાગ દ્વેષ અને મોહાદિક પરિણતિ ઘટે, યાવત્ નિર્મૂળ થાય તેજ તત્ત્વ જ્ઞાન, તત્ત્વ દર્શન અને તત્ત્વ આચરણ. કહો કે આત્મજ્ઞાન, આત્મદર્શન અને આત્મરમણતા લેખે છે; બીજા અલેખે–નિષ્ફળ થવા પામે છે. પવિત્ર રત્નત્રયીને યથાવિધિ આરાધીને અનંત ભવ્યાત્માઓ કલ્યાણભાવી થઇ શકે છે. ઇતિશમ્

## કૃષ્ણ ચરિત્રમાંથી સ્વપરહિતાર્થે ઉદ્ધૃતમ્.

જેનાવડે જીવનું રક્ષણ થાય તેનુંજ નામ ધર્મ. તે ધર્મનું જેને અનુમોદન તે સત્ય અને જેને તેનું અનુમોદન–સંમતિ નહીં તે અસત્ય જાણવું. તેથી સર્વ લોકોનું જેવડે હિત થાય તે સત્ય અને જેનાથી અહિત થાય તે મિથ્યા કહેવાય. જેને લોકો સત્ય કહે તે ધર્મ–દૃષ્ટિથી મિથ્યા હોઇ શકે અને જેને મિથ્યા કહેતા હોય તે સત્ય હોઇ શકે. તેવી જગોએ મિથ્યા સત્ય સ્વરૂપ અને સત્ય મિથ્યા સ્વરૂપ હોઇ શકે છે.

જેને કોઇએ અન્યની ઘાત થાય એવો પ્રશ્ન પૂછયો હોય તેણે ચૂપકીદી પકડી રહેવું એજ ઉચિત અથવા જે રીતે તેનો બચાવ થાય તેમ વર્તવું તે ઉચિત.

અનુચિત પ્રયોગ કે વ્યવહાર તે અધર્મ.

પારકા રાજ્યો પચાવી પાડનારા મોટા જગજાહેર ચોરો અને બીજા તેથી નાના.

——:*:•:*:—— બાકી

# हितशिक्षाना रासनुं रहस्य.

અનુસંધાન પૃષ્ટ ૮૩ થી.

એક શહેરમાં એક શ્રેષ્ટીને કમળ નામે પુત્ર હતો. તે ધર્મથી તદ્દન અજ્ઞાત હતો અને વિમુખ હતો. ધર્મ શું તે જાણતોજ નહીં, તો પછી વ્રત નિયમની તો વાતજ શી ? તેના પિતાએ અંત સમયે બહુ આગ્રહ કરીને તેને એટલો નિયમ કરાવ્યો કે-' તારે આપણા પાડોશી કુંભારના માથાની તાલ જોયા પછી જમવું ' કમળે પિતાની શરમે તેટલો નિયમ ગ્રહણ કર્યો. પિતા પરલોકવાસી થયા. કમળ પૂર્વોક્ત નિયમ પાળ્યા કરે છે.

એકદા કમળ શ્રેષ્ઠીપુત્ર બહારથી આવીને જમવા બેઠો, ત્યાં નિયમ સાંભર્યો, એટલે એકદમ ઉઠયો-પણ કુંભાર ઘરે નહોતો. પૂછતાં ખબર પડી કે-સીમમાં માટી ખોદવા ગયો છે. એટલે કમળ સીમમાં આવ્યો. તે વખતે કુંભારને માટી ખોદતાં નિધાન નીકળ્યું હતું તે બહાર કાઢવાની મહેનત કરતો હતો. તેવામાં માથું ઉંચું કરતાં તેની તાલ દેખાવાથી કમળ બોલી ઉઠયો કે-' દીઠી દીઠી ' એટલે કુંભારે જાણ્યું કે-''આ નિધાન દેખી ગયો ' તેથી કુંભારે તેને બોલાવવા સાદ કર્યો. પણ કમળ તો ભૂખ્યો હતો એટલે ઘરે આવીને જમવા બેઠો. કુંભારે જાણ્યું કે-"આ વાણીઓ જો રાજદરબારમાં આ વાત જણાવશે તો જરૂર બધું જશે, માટે તેને ભાગ આપીને વાત ન કરે એમ કરૂં." એમ વિચારી નિધાન છાનુંમાનું લઇને તે કમળને ઘરે આવ્યો. અને તેને એકાંતમાં નિધાન દેખાડીને કહ્યું કે-' તમને આમાંથી અર્ધો અર્ધ ભાગ આપીશ પણ તમારે આ વાત કોઇને કહેવી નહીં.' કમળ શેઠ તરત સમજી ગયો ને અર્ધ ભાગ લઈ કુંભારને રવાને કર્યો. કુંભારના ગયા પછી કમળશેઠ વિચારે છે કે-'જો આટલો નામ માત્ર-હાંસીરૂપ નિયમ લીધો હતો તો તેથી પણ મને આટલો બધો લાભ થયો, તો પછી બીજા સારા નિયમ કર્યા હોય તો કેટલો લાભ થાય ? '

આમ વિચારી તેણે ગુરૂમહારાજની જોગવાઇએ અનેક પ્રકારના નિયમો ગ્રહણ કર્યા અને પરિણામે સુખી થયો.

આ પ્રમાણે જે મનુષ્ય માતપિતાની કે ગુરૂની શીખ માને છે તે સુખી થાય છે ને નથી માનતા તે દુઃખી થાય છે, ભીખ માગે છે, માટે સમકિત પૂર્વક અનેક પ્રકારના નિયમો ગ્રહણ કરવાવડે મનરૂપી માંકડાને વશ રાખવો. કેમકે આ માનવ ભવ સંસારમાં પરિભ્રમણ કરતાં મહા મુશ્કેલીએ પ્રાપ્ત થાય તેવો છે, તેની પ્રાપ્તિ ખરેખરી દુર્લભ છે. જુઓ દેવતાઓ વિષયસુખમાં નિમગ્ન હોય છે, નારકી જીવો નવો અત્યંત દુઃખી હોય છે અને તિર્યંચો

વિવેક વિનાના હોય છે. ધર્મ થઈ શકે તે તો માત્ર માનવના ભવમાંજ છે. માટે હે જીવ! તું કેમ ચેતતો નથી. સંસારના કામભોગ વિષ જેવા ને શલ્ય જેવા છે, સુખની હાનિ કરનારા છે અને તેનું સેવન કરવાથી દુર્ગતિમાં લઇ જનારા છે. આ ઇંદ્રિયોરૂપી ઘોડા બહુજ ચંચળ છે અને સ્વેચ્છાએ ઉન્માર્ગે ચાલનારા છે. તેને જો તું પ્રવીણ સારથી થઈને કબજે રાખી શકશે, તો તારો આત્મા દુર્ગતિમાં પડશે નહીં. કર્ત્તા કહે છે કે—

બાંભણ ધોય મ ધોતીયા, પથ્થર ચીર મ ફાડ;
ધો નર ઇંદ્રિય આપણા, જે જુજુઇ મોહાડ. ૧

જિવ્હા મોહકછોટડી, જીત્યું ન જાયે મન્ન;
ઋષભ કહે જે વશ કરે, તે નર જગમાંહે ધન્ય. ૨

આંખ ન મીંચીશ મીંચ મન, નયણ નિહાળી જોય;
જો મન મીંચીશ આપણું, અવર ન દુજો કોય. ૩

રાત ગમાઇ સોવતે, દિવસ ગમાયો ખાય;
હીરા જિસ્યો મનુજ ભવ, કોડી બદલે જાય. ૪

" હે બ્રાહ્મણ-હે આત્મા ! તું ધોતીયા પથ્થર ઉપર ધોઇને તેને ફોગટ શા માટે ફાડી નાંખે છે, તારી ઇંદ્રિયો ઉપર કચરો લાગેલો છે તેને ધો કે જેથી તે જુદી જુદી ચાહના કરતી બંધ થાય. પાંચ ઇંદ્રિયોમાં જીભ મુખ્ય છે. તે મોહરાજાની વહાલી સ્ત્રી છે. તે અને મન બે જીત્યા જાય તેમ નથી, તેથી ઋષભદાસજી કહે છે કે-જે તે બેને વશ કરે તેને આ જગતમાં ધન્યવાદ છે, તું આંખ શા માટે મીંચે છે? મનને મીંચ અને હૃદયનેત્ર ઉઘાડી નિહાળીને જો કે તારૂં કર્ત્તવ્ય શું છે? જો મનને મીંચીશ-વશ કરીશ તો પછી બીજું કોઈ કાંઇ કરી શકે તેમ નથી. હે ચેતન ! તેં પ્રમાદને વશ થઇને રાત્રી તો સુવામાં-ઉંઘવામાં ગુમાવી છે અને દિવસો ખાવા પીવામાં ને લહેર કરવામાં ગુમાવ્યા છે, પણ રે મૂર્ખ ! આ હીરા જેવો મનુષ્યનો ભવ તે કોડીના મૂલ્યમાં ચાલ્યો જાય છે તેનું કાંઇ ભાન છે ? જે મનુષ્યભવવડે મોક્ષનું સાધન થઈ શકે તે મનુષ્યભવ ફોગટ ખાલી ચાલ્યો જાય છે."

જે પ્રાણી મનુષ્ય જન્મ પામીને વ્રત નિયમ અંગીકાર કરતા નથી તે મનુષ્યજન્મને એળે ગુમાવી દે છે. નિયમો ધારણ કરનાર પ્રાણી આ જગમાં-આ ભવમાં પૂજાય છે અને પરભવમાં સુખી થાય છે-સદ્ગતિ પામે છે; તેથી નિયમ ગ્રહણ કરી સમકિત ધારણ કરી ઉચિત જાળવવું. કોઇની વાણી સાંભળીને તેમાં દોષ લગાડવો નહીં. ઉપદેશમાળામાં શ્રીધર્મદાસગણીએ આવોજ ઉપદેશ આપેલો છે.

જે પ્રાણી ઉચિત જાળવી જાણે છે તેની સર્વત્ર કીર્ત્તિ થાય છે. ઉચિત સોનું જુદા જુદા પ્રકારનું હોય છે. પિતાનું, માતાનું, ભાઇનું, સ્ત્રીનું, પુત્રનું, સજ્જનોનું, ગુરૂનું, જ્ઞાતિભાઇઓનું, પરતીર્થીઓનું. આમ બધાનું ઉચિત સમજીને જે બરાબર જાળવે છે, તેની ઉત્તમ પુરૂષો પણ સ્તવના કરે છે; કારણ કે ઉચિત જાળવવું મુશ્કેલ છે. પ્રથમ પિતાના ઉચિતને અંગે કહે છે—જે મનુષ્ય-પિતાની ભક્તિ કરે છે, તેના પગ પૂજે છે તેના સૌ ગુણ ગાય છે. પિતાનું ઉચિત ત્રણ પ્રકારે જાળવવાનું છે. મનથી, વચનથી ને કાયાથી. મનથી હિત ચિંતવે, વચન અનુકૂળ બોલે, તેઓ જે કહે તે સેવકની જેમ માથે ચઢાવે, શરીર-વડે તેમની શુશ્રુષા કરે, તેમના પગ ધુએ, સામું તો કદી પણ ન બોલે. આવા જે પુત્ર હોય તેજ ખરા પુત્ર કહેવા યોગ્ય છે. પિતાના પગનું મર્દન કરે, હાથનો ટેકો આપીને ઉઠાડે, તેમનું વચન ઝીલી લેય, ભોંયે પડવા ન દેય, વચન પ્રમાણ કરે. જુઓ! રામચંદ્રે પિતાના વચનથી રાજ્ય તજીને વનવાસ સ્વીકારી લીધો. સુપુત્ર હોય તે પિતાનાં વચન આનંદથી સાંભળે અને પોતાના ચિતમાં ન બેસે તોપણ તે પ્રમાણે કરે. ઉત્તમ પ્રકારે પિતાની સેવા કરે. રહસ્યની વાત હોય તે તેમને કહે. કદી પોતે થોડું ભણ્યો હોય તો પણ પિતાની સેવા કરનાર બુદ્ધિમાં બળવાન્ થાય. કેટલીક વખત એક વૃદ્ધ જે વાત કરે અથવા ઉત્તર આપે તેવો સેંકડો યુવાન પણ ઉત્તર આપી ન શકે.

એક વખત એક રાજાએ સભા સમક્ષ પૂછ્યું કે—'જે રાજાને પાટુ મારે તેને શું કરવું?' આના ઉત્તરમાં યુવાનો બેઠા હતા તે બોલી ઉઠ્યા કે—'તેને મારી નાખવો.' રાજાએ તેનો ઉત્તર ખોટો કહી તેને નિભ્રંછ્યા, એટલે એક વૃદ્ધ સભામાં બેઠેલ હતો તે બોલ્યો કે—'સાહેબ! તેને તો નવાં નવાં વસ્ત્રો પહે-રાવવા અને આભૂષણોથી શોભાવવો.' રાજા તે ઉત્તર સાંભળી પ્રસન્ન થયો, અને તેનું બહુમાન કર્યું. આની અંદર રહસ્ય એ હતું કે—રાજાને પાટુ કોણ મારે? તે યુવાનો સમજી શક્યા નહીં. વૃદ્ધે વિચાર્યું કે—રાજાને તો પાટુ બાળક ખોળામાં લીધેલો હોય તેજ મારે, તેથી તેને તો વસ્ત્રાભૂષણજ આપવા ઘટે આટલા માટે વૃદ્ધનું વચન સ્વીકારવું.

એકવાર એક હંસના સો બાળકો ચણને માટે ચાલ્યા. સાથે તેનો વૃદ્ધ બાપ આવતો હતો તે તેમને ગમ્યું નહીં, એટલે એ બુઢાનું શું કામ છે? એમ કેટલાક બોલ્યા. બુઢાએ કહ્યું કે—'ભાઈ! હું સાથે સારો છું, કષ્ટને વખતે હું બચાવ કરી શકીશ.' તો પણ યુવાન હંસોના ધ્યાનમાં આવ્યું નહીં. વૃદ્ધ પાછળ પાછળ ગયો. આગળ જતાં હંસો એક ઝાડ ઉપર ચણવા બેઠા. ત્યાં કોઇ પારાધીએ આવી પ્રથમથી પાસ પાથરી રાખેલો હતો, એટલે બધા તેમાં સપડાઈ ગયા. પછી દૂર બેઠેલા

વૃદ્ધને પૂછવા લાગ્યા કે–' હવે અમારે શું કરવું ?' બુઢાએ કહ્યું કે–" તમે સૌ અચેતન થઇને પડ્યા રહેજો, એટલે તમને લેવા આવનાર પાસમાંથી કાઢી કાઢીને નીચે ફેંકી દેશે. બધાને ફેંકી દેય એટલે એકી સાથે બધા ઉડી જજો." હંસોએ તે શિખામણ ધ્યાનમાં રાખી. પછી પારાધી આવ્યો, એટલે બધાને સુવેલા જાણીને દૂર ફેંકી દીધા. બધા નીચે પડ્યા, એટલે એક સાથે ઉડી ગયા. પછી વૃદ્ધના બહુ વખાણ કરવા લાગ્યા અને માફી માગવા લાગ્યા. આ પ્રમાણે જે વૃદ્ધની શિખામણ માનશે તે સુખી થશે અને તેની કીર્ત્તિ વૃદ્ધિ પામશે.

માતાપિતાની શિખામણ માનનાર સંબંધી કર્ત્તાએ અહીં બહુ કહ્યું છે. પછી સુપુત્રે પિતાને શું કહેવું તે સમજાવ્યું છે. સુપુત્ર માતા પિતાને કહે કે–" તમે જિનપૂજા કરો, ગુરૂવંદન કરો, તીર્થયાત્રા કરો, પ્રતિક્રમણ પોસહ સામાયિકાદિ કરો, સાતે ક્ષેત્રમાં આપણી શક્તિના પ્રમાણમાં યથેચ્છ દ્રવ્ય વાપરો, દીન દુઃખીનો ઉદ્ધાર કરો, અનુકંપાદાન આપો, સુપાત્રદાન સારી રીતે આપો, તમારી બાકીની જીંદગી ધર્મધ્યાનમાંજ વ્યતીત કરો." આ પ્રમાણે કહેનાર સુપુત્રજ માતાપિતાના ગુણનો ઓશીંગણ થઇ શકે.

આ પ્રસંગમાં સિદ્ધાંતમાં પણ બહુ કહેલ છે, તે હવે ગ્રંથકાર કહે છે—

( અપૂર્ણ. )

# જૈન કોમની ઉન્નતિ માટે કરવા જોઈતા સુધારા.

( લેખકઃ—મહાસુખ હરગોવન દોશી, મુંબઈ )

જ્યારે પારસી, ભાટીઆ આદિ અન્ય કોમોનો આપણે વિચાર કરીએ છીએ ત્યારે આપણને માલુમ પડે છે કે તે તે કોમોએ જમાનાને અનુસરી ઘટતા સુધારા કરી પોતાની કોમની ઉન્નતિ કરવામાં મોટે ભાગે ફત્તેહ મેળવી છે. હવે જ્યારે જૈનકોમે પોતાની કોમની ઉન્નતિના સંબંધમાં શું પ્રગતિ કરી છે તેનો વિચાર કરીએ છીએ ત્યારે આપણને એમજ લાગે છે કે જૈનકોમ આ બાબતમાં શરિયામ નિષ્ફળ નીવડી છે. તેથી પોતાની કોમની ઉન્નતિમાં જૈનોએ કેટલો ફાળો આપવો જોઇએ અને તેને અંગે શું શું કાર્યો કરવાં જોઇએ, એનું હું અત્રે ટુંક વિવેચન રજુ કરીશ.

**કેળવણી**—આ દિશાએ આપણે ઘણી ખરી કોમો કરતાં પછાત છીએ. આના પૂરાવામાં મી. નરોતમ બી. શાહે જૈનોની કેળવણીના સંબંધમાં થોડાક વખત અગાઉ પ્રગટ કરેલ પુસ્તક બસ થશે. ધારાસભા અથવા મ્યુનિસિપલ

કોરપોરેશન જેવી સંસ્થાઓમાં મેમ્બરો તરીકે ગણ્યા ગાંઠ્યા એકાદ બે જૈનોજ સ્થાન ભોગવે. કોઇ પણ દેશીરાજ્યમાં દીવાન આદિ મોટી જગ્યા ઉપર કોઇ પણ જૈનને ન જોઇએ ત્યારે આપણને કેટલો ખેદ થાય એ સહેજે કલ્પી શકાય તેવું છે. દેશી રાજ્યોમાં જ્યાં જુઓ ત્યાં જૈનેતરોજ દીવાનપદ ભોગવી રહ્યા છે. આપણને પાલીતાણા, ગિરનાર આદી તીર્થસ્થળોએ આપણી ધાર્મિક લાગણી દુઃખાવાના જે પ્રસંગો બનતા રહ્યા છે એ કેટલેક અંશે જૈનેતરો દીવાન હોવાને આભારી છે. જો જૈનો કેળવણીમાં આગળ વધ્યા હોત તો તેઓ આવી મોટી જગ્યાઓ મેળવવાને ભાગ્યશાળી થતે, કે જેથી આપણને તીર્થસ્થળોની બાબતમાં પૂરતો ન્યાય મળી શકતે. માટે જૈનોએ કેળવણીની બાબતમાં જેમ બને તેમ આગળ વધવું જોઇએ. મોટી મોટી પાઠશાળાઓ, હોસ્ટેલો, બોર્ડીંગો વિગેરે સ્થાપવા જોઈએ, તેમજ મહાવીર જૈન વિદ્યાલય, શ્રીપાલીતાણા બાળાશ્રમ જૈન ગુરૂકુળ વિગેરે સંસ્થાઓને બનતી મદદ કરી પગભર કરવી જોઇએ. હવે હું **સ્ત્રી કેળવણી** વિષે બે બોલ કહીશ. સ્ત્રીકેળવણીની બાબતમાં તો આપણે તેથી પણ વધુ પશ્ચાત્ત છીએ. આપણી બ્હેનોને નાનપણમાં ધાર્મિક નૈતિક સંગીતાદિ જ્ઞાન આપવાની અત્યંત આવશ્યકતા છે. તેઓ ભવિષ્યની પ્રજાની માતાઓ છે. જો તેઓ કેળવાયલી હોય તો તેઓની સંતતિ ઉપર તેઓના સારા સંસ્કારો પડી શકે છે; અને તેઓનો ગ્રહસંસાર બહુ સુખી નીવડે છે. માટે સ્ત્રીકેળવણીને સારૂ યોગ્ય પાઠશાળાઓ સ્થાપવી જોઇએ, તેમજ શ્રી મુંબઈ માંગરોળ જૈનસભા જેવી સંસ્થાને પૂરતી મદદ આપીને ઉત્તેજન આપવું જોઇએ.

**સેવાધર્મ**--જૈન શ્રીમંતોએ જૈનકોમની ઉન્નતિમાં મોટો ફાળો આપવો જરૂરી છે. કેળવણી આપવાની જરૂર હોય ત્યાં કેળવણી આપીને, ઉદ્યોગ કરવા માટે નાણાની મદદ જોઈતી હોય ત્યાં તેવી મદદ આપીને, ધંધો ન કરી શકે તેવા ગરીબ નિરાશ્રીતોને વીશીઓ ( ફ્રી મદદ નહિ લેવા ઈચ્છે તો થોડો નામનોજ દર રાખીને ) ખોલીને અગર ગુપ્ત મદદ આપીને, વિગેરે અનેક રીતે સેવાધર્મ બજાવી શકાય છે. " સ્વામીભાઇઓની સેવા " એના જેવું અન્ય કોઇ મોટું પુણ્ય નથી અને તે પણ જો ગુપ્તદાનરૂપે હોય તો તે અત્યંત લાભદાયક છે. સેવાધર્મના સંબંધમાં એક ઠેકાણે સન્મિત્ર મુનિ કર્પૂરવિજયજી મહારાજે કહ્યું છે—" દેવદર્શને જવું, ત્યાં માળા ફેરવવી ને પ્રભુની ચરણપૂજા માત્ર કરવી એટલાથી નભે નહીં; મનુષ્યે પોતાના જાતિબંધુઓ તરફ પણ પોતાની ફરજો અદા કરવાની છે." જૈનશાસ્ત્રોમાં સેવાધર્મને ઘણુંજ મહત્વનું અને મોટા પુણ્ય હાંસલનું કાર્ય કહ્યું છે. આ કાર્ય કરવાનો લાભ મોટે ભાગે શ્રીમંતોનેજ મળી શકે એ સ્વાભાવિક છે; સાધા-

રણ માણસો કરતાં આ સંબંધમાં શ્રીમંતોની ફરજ મોટી છે. તેઓએ તો કીર્તિની આશા રાખ્યા વગર પોતના નિરાશ્રીત બંધુઓને ગુપ્ત મદદ કરતાંજ રહેવું જોઇએ. સ્વામીભાઇઓની તન, મન અને ધનથી બની શકતી સેવા કરવી એ એક જાતનું સ્વામીવાત્સલ્યજ છે. આપણે લક્ષાધિપતિ હોઇએ અને આપણા જ્ઞાતિબંધુઓ કેળવણી લીધા વિના રહે, ઉદ્યોગાદિકના અભાવે દરિદ્રતા ભોગવે, આપણે આલીશાન મ્હેલોમાં મ્હાલતા હોઇએ અને આપણા જ્ઞાતિબંધુઓને રહેવાને હવા ઉજાસવાળી ઓરડી પણ મળે છે કે નહિ તેની દરકાર પણ ન કરીએ. આપણે રોજ માલ મિષ્ટાન્ન ઉડાવતા હઇએ અને આપણા જ્ઞાતિબંધુઓને દરિદ્રતાને અંગે લાંઘણો થતી હોય, તો પછી આપણી સાહ્યબી અને લક્ષાધિપતિપણાથી પણ શું ? મહાન્ દેશભક્ત મી. અરવીંદઘોષના શબ્દોમાં કહું તો "પોતાની જરૂરીઆત કરતાં વધુ રાખવું એ ચોરી છે." વળી તેઓ કહે છે " ખરેખર પોતાનું અને પોતાના પરિવારનું પોષણ કરવાનું કામ તો પશુઓ પણ કરે છે." દરેક માણસને થોડે ઘણે અંશે ધર્માભિમાન, જ્ઞાત્યભિમાન અને દેશાભિમાન હોવુંજ જોઇએ. મધ્યમવર્ગ પણ પૈસાથી નહિ તો બીજી ઘણી રીતે સેવાધર્મ બજાવી શકે છે. લેખકો લેખોદ્વારા તેમજ વક્તાઓ ભાષણોદ્વારા સેવાધર્મ બજાવી શકે છે. માટે દરેક જૈનબંધુને સેવાધર્મનું યથાર્થ પાલન કરવા ઉત્સુક રહેવા ખાસ વિનંતિ છે.

ઐક્યતા—ઐક્યતામાં પણ આપણે ઘણાજ પશ્ચાત્ત છીએ. ઐક્યતાથી ગમે તેવાં મહાભારત કાર્યો પાર પડી શકે છે. ગંજીપાની રમતમાં પણ રાજાને એકો ( ઐક્યતા ) જીતે છે. એક સળીથી કચરો સાફ થઇ શકતો નથી પણ ઘણી સળીઓના એકઠા થવાથી (સંપથી ) કચરો સાફ થઇ શકે છે. સંપમાંજ સુખ રહેલું છે એ સમજ્યા છતાં આપણે ઐક્યતા સાધી શક્યા નથી એજ દીલગીરી છે. આપણામાં બારીક બારીક મતભેદોને લીધે શ્વેતાંબર, દિગંબર, સ્થાનકવાસી તેમજ અન્ય ગચ્છાદિક કેટલાય ભેદો જોવામાં આવે છે. તેમજ શ્રીમાળી, ઓસવાળ, પોરવાડ આદિ કેટલાય જ્ઞાતિવિભાગો નજરે પડે છે. આ બધું શું સૂચવે છે ? મને તો આ બધું અધોગતિનું મૂળજ દેખાય છે. એકજ પરમપૂજ્ય પરમાત્મા મહાવીરના પુત્રોમાં આટલા આટલા ગચ્છભેદો તેમજ જ્ઞાતિભેદો શોભે ખરા કે ? જો આ બધા ધાર્મિક તેમજ વ્યવહારિક ફીરકાઓ એક થાય તો અનેક કજીઆ ટંટાઓ નાબુદ થાય, અરસપરસ પ્રેમભાવના પ્રગટે, જૈનોની વસ્તી વધવાની સાથે જૈનધર્મનો ઉદ્યોત થાય. એકજ પરમાત્મા મહાવીરના બન્ને પુત્રો શ્વેતાંબર અને દિગંબર ભાઇઓ સમજીને જો અરસપરસ એખલાસથી વર્તે તો કોર્ટોના કજીઆમાં બંનેની નાહક લાખો

રૂપીઆની બરબાદી થતી અટકે. આ રીતે ઐક્યતાથી જૈનકોમનો અભ્યુદય થાય એમ મારૂં માનવું છે.

## હાનિકારક રીવાજો.

**રડવા કુટવાનો રીવાજ**—આપણા કોઇ સ્વજનનો વિયોગ ( મૃત્યુ ) એ આપણે માટે ખરેખર અસહ્ય હોઇ શકે, પરંતુ રડવા કુટવાનો જે રીવાજ આપણામાં ઘુસી ગયો છે તેમાં કેટલેક અંશે મને તો ખાસ સ્વાર્થજ લાગે છે, એટલુંજ નહિ પણ તેમાં મોટે ભાગે કેવળ દંભ અને દેખાવજ છે એમ કહેવામાં કાંઇ પણ સહરાગત થતી હેય એમ મને લાગતું નથી. આપણી તો એજ ફર્જ હોવી જોઈએ કે મરનારનું મૃત્યુ સુધારવું યાને બીજા શબ્દોમાં કહું તો મરનારને છેવટની ઘડીએ બની શકતું ધર્મરહસ્ય સંભળાવવું અને કોઇ પણ સાંસારિક આધિવ્યાધિમાં તેનું ચિત્ત ન જાય તેની બની શકતી સંભાળ રાખવી કે જેથી ધર્મધ્યાનમાં મૃત્યુ પામી મરનારની સદ્ગતિ થાય. આ રીતેજ આપણે મરનારના આત્માને શાંતિ આપી શકીએ છીએ, નહિ કે રડવા કુટવાથી. આપણી સ્ત્રીઓમાં છાતી કુટવાનો રીવાજ તો એટલો બધો હાનિકારક છે કે જ્યારે આપણને ખરેખર ખેદનો વખત હોય છે ત્યારે રસ્તે જનાર અન્ય માણસોને આ રીવાજ નવાઈરૂપે જોવા અને હાંસી કરવા રૂપ થઇ પડે છે. તેમજ છાતી કુટનાર બાઇઓને શારીરિક નુકશાન થાય છે તે તો જુદુંજ. કદાચ કોઈ માણસ આ રીવાજ ખરાબ ગણી રડવાકુટવામાં ઓછો ભાગ લે અગર બીલકુલ ભાગ ન લે તો તેવા આશામીની નિંદા કરવામાં આપણા લોકો બાકી રાખતા નથી. એ કાંઈ ઓછા ખેદની વાત ન કહેવાય. હું ઇચ્છું છું કે જૈનો આ રીવાજને સર્વથા તીલાંજલી આપવામાંજ પોતાની આઈન-ફરજ સમજે.

**કન્યાવિક્રય**—આવા સુધરેલા અને પ્રગતિમય જમાનામાં પણ આ રીવાજ હસ્તી ધરાવે છે એ જોઇ મને તો અજાયબી ઉપજે છે. પોતાના સ્વાર્થની ખાતર પૈસાના લાલચુ માબાપો પોતાની નિર્દોષ કુમારિકાનું ધોળે દિવસે લીલાઊ કરે છે; અને પૈસાની લાલચમાં તે બિચારીને ગમે તેવા બુઢાને પરણાવીને તે નિર્દોષ બાળિકાની જીંદગી બરબાદ કરી દે છે. “બીબી થાય વર જોગ ત્યારે મીયાં થાય ઘોર જોગ ” એ કહેવત પ્રમાણે જ્યારે તે બાઇ ભર યુવાવસ્થામાં પ્રવેશ કરે છે ત્યારે તે બુઢો તે નિર્દોષ બાળિકાની સત્યાનાશી કરવા બદલ પરમાત્માના દરબારમાં જવાબ આપવા જાય છે. પૈસાના આવા લાલચુ માબાપો કસાઇ કરતાં પણ બુરા છે, કેમકે કસાઈ અન્ય જીવોને મારવા છતાં પોતાનાં સંતાનોને તો લાડ લડાવી, ઉછેરીને તેઓનું ભલું ઇચ્છે છે, જ્યારે

કન્યાવિક્રય કરનારા માબાપો પોતાનાંજ સંતાનોને મારે છે યાને બીજા શબ્દોમાં કહું તો તેઓની જીંદગી ધુળધાણી કરી નાંખે છે. આ રીતે જ્યાં જ્યાં કન્યાવિક્રય યાને કન્યાનું વેચાણ થતું હોય ત્યાં ત્યાં મહાજન સમસ્તે તે બંધ થવા પ્રયત્ન કરવો જોઇએ. પરમાત્મા આ ક્રૂર અને ઘાતકી માબાપોને સદ્‌બુદ્ધિ આપો !

**બાળલગ્ન**—આપણા લોકોનું શારીરિક બંધારણ નબળું જોવામાં આવે છે તેમજ આપણામાં વિધવાનું પ્રમાણ વધુ જોવામાં આવે છે તેનું મુખ્ય કારણ મને તો બાળલગ્નજ લાગે છે. ઋતુપ્રાપ્તિ થયા પહેલાં સ્ત્રી પુરૂષોનો સંયોગ વૈદ્યક શાસ્ત્રના સિદ્ધાંતોથી વિરૂદ્ધ છે. સ્ત્રીનું વીર્ય પંદર વર્ષે અને પુરૂષનું વીર્ય વીશ અથવા બાવીશ વર્ષે પરીપક્વ થાય છે. તે ઉમ્મર થવા પહેલાંનો સંયોગ શારીરિક દૃષ્ટિએ હાનિકર્તા છે. જો હું ભૂલતો ન હોઉં તો આપણા જૈનશાસ્ત્રમાં પણ લગ્નને માટે સ્ત્રીની યોગ્ય વય ૧૬ વરસની અને પુરૂષની ૨૫ વરસની કહી છે. જો કે જમાનો બદલાવાથી આપણે ઉપરોક્ત ઉમ્મરનો આગ્રહ ન કરી શકીએ, પરંતુ હાલના જમાનામાં લગ્નને માટે સ્ત્રીની વય ૧૪ થી ૧૫ વરસ તેમજ પુરૂષની ૨૦ થી ૨૨ વરસ વ્યાજબી ગણી શકાય. પરંતુ આપણે શું જોઇ રહ્યા છીએ? માબાપો પોતાના બાર તેર કે ચૌદ વરસના પુત્રને લગભગ તેજ વયની અથવા એકાદ વરસે નાની કન્યાની સાથે પરણાવી દે છે અને તેમ કરવામાં પોતે લ્હાવો લીધો ગણે છે. પરંતુ આ અજ્ઞાન માબાપો સમજતા નથી કે તેઓએ લ્હાવો નથી લીધો પણ ચાલુ રીવાજના ભોગે તેમજ અજ્ઞાનતાથી તેઓ પોતાના સંતાનોના દુશ્મન બની રહ્યા છે. આ રીવાજ બંધ કરવાના બે રસ્તા (ઉપાયો) છે. એક તો સ્ત્રી પુરૂષના લગ્નની વય દરેક ગામના મહાજન તરફથી નક્કી થવી જોઇએ. બીજું સગપણ (સગાઈ યાને વિવાહ) કરતી વખતે ખાસ ધ્યાનમાં રાખવું જોઇએ કે વર કરતાં કન્યાની વય ઓછામાં ઓછી ચાર પાંચ વરસ નાની છે? બાળલગ્ન અટકાવવાથી જૈનકોમને બે ફાયદાઓ થશે. એક તો જૈનોની શારીરિક સ્થિતિ સુધરશે, અને તેમ થવાથી માનસિક અને શારીરિક બળના કારણે સારાં સારાં કાર્યો કરી શકાશે. બીજો ફાયદો આપણામાં બાળ વિધવાનું પ્રમાણ મોટું હોવાની હંમેશની ફર્યાદ દૂર થશે.

**વૃદ્ધલગ્ન**—જેટલે દરજ્જે બાળલગ્ન હાનિકારક છે તેથી પણ વૃદ્ધલગ્ન વધુ નુકશાનકારક છે. જો કન્યાવિક્રયને ઉત્તેજન આપનાર કોઇ પણ હોય તો વૃદ્ધ ઉમ્મરે વિષયતૃપ્તિ માટે અથવા તો એક યા બીજા કારણસર વૃદ્ધવયે લગ્ન કરનારાઓજ છે. તેઓ પૈસાના જોરથી નાની ઉમ્મરની કન્યાઓ મેળવવામાં

ફાવી શકે છે, પરંતુ ટુંક વખતમાં તેઓ પોતાની પાછળ બાળ વિધવાઓને રડતી અને કકળતી મૂકીને મૃત્યુ પામે છે. આ રીતે તે નિર્દોષ બીચારી ( બાળવિધવા ) ની જીંદગી બરબાદ થઈ જાય છે. માટે દરેક ગામના મહાજન સમસ્તે એવા ઠરાવો કરવા જોઇએ કે અમુક ( ૪૫ વરસ ) વયથી મોટી ઉમ્મરના માણુસને કોઇએ કન્યા આપવી નહિ. આ રીતે વૃદ્ધલગ્નનો અંત આવી જશે.

**મરણુ પાછળનાં જમણો**—કેટલાક ગામોમાં મરણુ પાછળ તુરત અથવા અમુક વખતે જમણો કરવામાં આવે છે. કેટલાક ગામોમાં મરનારની પાછળ ઘણા લાંબા વખતે પણ જમણો કરવામાં આવે છે. ગમે તેવાં જમણુ હો, મરણુ બાદ તુરતનાં હો, અમુક દિવસો પછીનાં હો અથવા અમુક વરસ યા વરસો પછીનાં હો, અને આવાં જમણો ગમે તેવાં પવિત્ર સ્થળોએ ધર્મના બ્હાના નીચે કરવામાં આવતાં હોય તોપણ તે મરણુ પાછળનાં હોવાનાં કારણે ડાહ્યા અને સમજુ માણુસો માટે હું ત્યાજ્ય માનું છું. આવાં જમણો સદંતર બંધ થવાં જોઇએ. અલબત્ત અમુક મરનાર માણુસના પુણ્યાર્થે કરવામાં આવતી નોકારશીની હું તરફેણમાં છું. તેમજ સંઘ, ઉપધાન, ઉજમણા, શાંતિસ્નાત્ર આદિ ધાર્મિક ક્રિયાઓ પાછળ કરવામાં આવતી નોકારાશી તેમજ પર્યુષણાદિક પવિત્ર દિવસોમાં કરવામાં આવતાં જમણોની પણ હું ખાસ તરફેણમાં છું, અને તે એટલાજ ખાતર કે તેથી જૈનશાસનની ઉન્નતિ થાય છે. આ નોકારશી આદિ જમણો ખરેખર સ્વામીવાત્સલ્યજ છે. પરંતુ મરણુ પાછળનાં તો કોઈ પણ જમણોને નેષ્ટ ઉપમાજ આપી શકાય અને તેવા જમણો ડાહ્યા પુરૂષોને તો ખરેખર વર્જ્યજ હોવા જોઈએ.

**સ્વચ્છતા**—આપણે રહેવાના ઘરોની અંદર પૂરેપૂરી સ્વચ્છતા જાળવવી જોઇએ. આપણે માટલીમાંથી પાણી કાઢવા માટે અને પીવા માટે એકજ વાસણ ઘણે ભાગે વાપરીએ છીએ. આ કેટલી ગોબરાઈ ( અસ્વચ્છતા ) ગણાય ? એટલુંજ નહિ પણ આ પ્રમાણે તેનું તેજ ભાજન વાપરવાથી જૈનધર્મના સિદ્ધાંતો પ્રમાણે અસંખ્યાતા સંમુર્છિમ—લાળીઆ જીવો સમયે સમયે ઉત્પન્ન થાય છે અને મરે છે, માટે દરેક જૈનબંધુએ માટલીમાંથી પાણી કાઢવા માટેનાં તેમજ પીવા માટેનાં ભાજનો જૂદાં જૂદાં રાખવાં. આ સિવાય જમણવારોમાં પણ આપણે શું જોઇએ છીએ. જમણવારોમાં આપણે બીલકુલ સ્વચ્છતા જાળવતા નથી, જરૂર કરતાં વધારે લઇએ છીએ ને છાંડીએ છીએ. આ પ્રમાણે છાંડવામાં જમણો કરનારનો કેટલો ફોગટનો બીગાડ થાય છે ? તેનો જમનારાઓ ભાગ્યેજ ખ્યાલ કરતા હશે. જો જરૂર જેટલું અથવા ઓછું લઈએ તો છાંડવાનો

પ્રસંગ ભાગ્યેજ બની શકે. છાંડવાનો રીવાજ બંધજ કરવાને બીજો પણ એક રસ્તો ( ઈલાજ ) છે અને તે એજ કે-પીરસવાવાળાઓ વધુ રાખવા. પંક્તિએ ( હારમાં ) બેસાડવાની ગોઠવણ કરવી. એક પંક્તિ ( પંગત યાને હાર ) જમીને ઉઠ્યા બાદજ બીજી પંક્તિને બેસાડવાની ગોઠવણ કરવી. વળી છાંડવાથી થતી હિંસાને માટે બે બોલ કહીશ. છાંડવાથી જે ઘણું એઠું પડે છે તે એઠવાડમાં અસંખ્યાતી જીવાત, મચ્છરો વિગેરે ઉત્પન્ન થાય છે અને મરે છે, જેના ભાગીદાર જમનારાઓ થાય છે, એ સ્હેજે સમજી શકાય તેવું છે. અહિંસા કે જે જૈન સિદ્ધાંતોનો મૂળ પાયો છે તે સિદ્ધાંતો અનુસાર પણ છાંડવું એ મહા પાપ છે. દરેક માણસ જો આટલું સમજી જાય અને છાંડવાનો પડી ગયેલો રીવાજ સદંતર બંધ કરે તો આપણે જીવદયા પણ કેટલી પાળી ગણાય ? આ પ્રમાણે આપણે આપણા ગૃહસંસારમાં તેમજ જમણવારોમાં પૂરતી સ્વચ્છતા રાખવી એ આપણી ખાસ ફરજ છે.

**સાધારણ ખાતું**—આપણે દરેક ઠેકાણે દેરાસરોની અંદર સાધારણ ખાતામાં તોટો જોઈએ છીએ. કેટલેક ઠેકાણે તો સાધારણમાં તોટો હોવાથી, ખાસ જરૂરી પ્રસંગે દેવદ્રવ્યમાંથી અમુક રકમ સાધારણ ખાતે ઉધારીને લે છે; અને આવી લીધેલ રકમોમાંથી ઉપાશ્રયો બંધાવેલા તેમજ જમણવારો થયેલા સાંભળ્યા છે. દેવદ્રવ્યમાંથી આવી રીતે લીધેલ રકમ વ્યાજ સાથે પાછી દેવદ્રવ્યમાં સુપ્રત કરવી એ ખાસ ધાર્મિક ફરમાન છે; પરંતુ આપણે શું જોઇ રહ્યા છીએ ? કેટલેક ઠેકાણે વરસોના વરસો સુધી આવી રકમ પાછી સુપ્રત કરાતી નથી અથવા કહો કે, કરી શકાતી નથી. આ રીતે આપણાં જૈનશાસ્ત્રનાં સિદ્ધાંતો મુજબ તેવાં જમણો જમનાર અથવા તેવા ઉપાશ્રયોનો ઉપભોગ કરનાર પણ દેવદ્રવ્ય ભક્ષણના પાપના-ભાગીદાર થાય છે. કોણ જાણે કેટલાય ગામો આવા ભયંકર પાપના ભાગીદાર થયા હશે અને થતા હશે ? દેવદ્રવ્ય ભક્ષણ એ મહા પાપ છે અને એવા પાપથી જેમ બને તેમ મુક્ત રહેવું જરૂરી છે. જૈન કોમની અવનતિનું આ પણ એક કારણ છે. સાધારણ ખાતાનો હીસાબ ચોખ્ખો રાખવો તેમજ સાધારણ ખાતામાં ખર્ચ પૂરતી આવક કરવાને ખાસ ગોઠવણ કરવી. દેવદ્રવ્યમાંથી સાધારણ ખાતે લેવાની પ્રથા જેમ બને તેમ ઓછી કરી સાધારણ ખાતામાંજ ખરચ પૂરતી આવક કરવાને પૂરતું લક્ષ આપવું જોઇએ.

**દેવમંદિરોનો વહીવટ**—દેવમંદિરોનો વહીવટ ઘણે ભાગે સંઘ તરફથી નીમેલા ટ્રસ્ટીઓ કરે છે. આવા ટ્રસ્ટીઓની સામા આજકાલ કેટલાકો તરફથી અસંતોષ બતાવવામાં આવે છે. કેટલાકો તરફથી જાહેર વર્તમાનપત્રોમાં વહીવટ પ્રગટ કરવા થોડા વરસો પહેલાં હીલચાલ કરવામાં આવી હતી, જે

હીલચાલ બારીક રીતે વિચાર કરતાં આપણા દેવદ્રવ્યની લાખોની મીલ્કતને નુકશાનકર્તા હોવાથી જૈનોના મોટા ભાગ તરફથી વ્યાજબી રીતે વખોડી કાઢવામાં આવી હતી. આ લેખક પણ તેવી હીલચાલથી વિરૂદ્ધજ છે. દેરાસરોના વહીવટદારો ( ટ્રસ્ટીઓ ) ના વહીવટની સામા ગમે તેટલો અસંતોષ હોય પણ ટીકાકારો તરફથી માત્ર ટીકા કરવાને બદલે કાંઇક રચનાત્મક યોજના બતાવવામાં આવે તો વધુ લાભદાયક થશે. અત્રે હું દેરાસરજીના ટ્રસ્ટીઓને એક સૂચના કરીશ તો તે અસ્થાને નહિ ગણાય. એક દેરાસરજીમાં ગમે તેટલા વધુ પૈસા હોય છતાં અન્ય દેરાસરોમાં જીર્ણોદ્ધારાદિ કારણસર પૈસાની જરૂર હોય તો પણ આપવામાં આનાકાની થાય, અરે અમુક મુદત સુધીમાં લીધેલ નાણું પાછાં આપવાની કબુલાત આપવા છતાં પણ આપવામાં આનાકાની થાય એ શું ઓછું ખેદનજક છે ? જો આ સ્થિતિ બંધ થાય અને ગમે તે જૈન પછી તે શ્રીમંત હોય યા ગરીબ હોય પણ તેને દેરાસરનો વહીવટ જોવાનો પૂરતો હક્ક છે એ ખ્યાલ ટ્રસ્ટીઓમાં આવે, અને તે પ્રમાણે અમલ થાય તો સ્થિતિ કાંઇક સંતોષકારક ગણી શકાશે. આવી એકાદ બે બાબત સિવાય મને તો ટ્રસ્ટીઓના વહીવટ સામે વધુ અસંતોષ નથી. તેઓ બીનસ્વાર્થપણે કામ કર્યે જાય છે અને તેઓના કાર્યમાં વધુ સગવડતા કરી આપવી એ આપણી જૈનોની ફરજ છે. હવે જમાનો એ આવ્યો છે કે દેરાસરોના પૈસા પ્રોમીસરી નોટોમાં કે લોનોમાં નહિ રોકતાં જૈનો માટે સસ્તા ભાડાંની ચાલીઓ બંધાવવા તરફ વધુ ધ્યાન આપવાની જરૂર છે. આમ કરવાથી એક પંથ ને દો કાજ થશે. જૈનોને રહેવાને મકાન મળે અને દેરાસરોના પૈસાનું યોગ્ય વ્યાજ ( ભાડારૂપે ) ઉપજે, એટલુંજ નહિ પણ પ્રોમીસરી નોટો અને લોનોમાં રોકાયેલી મીલ્કત ( નાણાં ) ની કિંમત ઓછી થઇ જાય છે તેવો ભય પણ આપણને ન રહે. આશા છે કે ટ્રસ્ટીઓ મારી આ સૂચના ઉપર બનતું લક્ષ આપશે.

**લગ્નોમાં કરવામાં આવતા ખર્ચો**—આપણામાં લગ્ન વખતે જે ખર્ચો કરવામાં આવે છે તે ઓછા કરવાની ખાસ જરૂર છે. લગ્ન વખતે કેટલાક ગામોમાં મોટા પ્રમાણમાં ન્યાતો ( જ્ઞાતિજમણો ) કરવામાં આવે છે તે પ્રમાણમાં પણ ઘટાડો કરવામાંજ જૈન કોમને લાભ છે. તેમજ કેટલાક ગામોમાં સોપારી, ખારેક, નાળીયેર વિગેરે મોટા પ્રમાણમાં વહેંચવા વહેંચાવવાનો જે ખર્ચાળ રીવાજ છે તેને બદલે ખાસ શુભ શુકનની ખાતર સાત અથવા ચૌદની સંખ્યામાં વહેંચવા વહેંચાવવાનો રીવાજ થવો અત્યંત જરૂરી છે. આપણા લગ્નોમાં રાંડોનો નાચ કરાવવાનો–કહેવાતો સુધરેલો રીવાજ દાખલ નથી

થયો એ ઘણુંજ ખુશી થવા જેવું છે. આ રીવાજ મને તો બીલકુલ સારો નથી લાગતો; અને આવા ખરાબ રીવાજથી બચી જવા ખાતર આપણે મગરૂર થવાનું છે. તે સિવાય દારૂખાનું ફોડવું, ફટાણાં ગાવાં, ગુલાલ વિગેરે નાખી શારીરિક નુકશાન થાય તેવાં તોફાન કરવાં વિગેરે રીવાજોમાં કેટલોક સુધારો થતો જોવામાં આવે છે એ ખરેખર આનંદની વાત છે. અમુક એક બાબતનો રીવાજ થઈ ગયો, પછી તે રીવાજ છે એટલાજ ખાતર સાધારણ અથવા ગરીબ વર્ગને પણ તેવા કહેવાતા રીવાજોના ભોગે મોટા અને બીનજરૂરી ખર્ચોમાં ઉતરવું પડે છે, જે તેઓને કેટલું ભારી પડતું હશે તેનો ખ્યાલ આલીશાન મહેલોમાં રહેનારાઓને ભાગ્યેજ આવી શકે. માટે કાંઇ નહિ તો સાધારણ તેમજ ગરીબ વર્ગની સ્થિતિ સુધારવાની લાગણીથી દોરવાઇને પણ ખર્ચાળ અને બીનજરૂરી ખર્ચો બંધ કરવા એ જૈનકોમના ભલાની ખાતર અત્યંત જરૂરી છે. જૈન વિધિ પ્રમાણે લગ્નો કરવાની ઘણીજ જરૂર છે. આવા જૈન વિધિ પ્રમાણે લગ્ન થતાં જોવાને લેખક અત્યંત ઇંતેજાર છે. આશા છે કે આટલું જૈનો ધર્માભિમાન બતાવશે. (અપૂર્ણ.)

## સૌંદર્યતા.

સૌંદર્યે ખેલવું એ તો, પ્રભુનો ઉપયોગ છે;
પોષવું પૂજવું એને, એ એનો ઉપભોગ છે. [ કલાપી. ]

સ્વાભાવિક રીતે આપણાં નેત્રો દિવસે સૂર્ય પ્રતિ, નિશાએ ચંદ્ર પ્રતિ વા તારા પ્રતિ, વર્ષાઋતુમાં ઉપરાઉપરી થતાં વિદ્યુતના ચમકાર પ્રતિ, અને નિરંતર સોનું, રૂપું અને ઝવેરાત પ્રતિ આકર્ષાય છે. હવામાં રમત ગમત ખેલતા કોઇ નિર્દોષ પતંગીઆને લોહચુંબક પેઠે આકર્ષી અડચડાવી નાખનાર દીપકનું જળહળ થતું ઉજ્વળ સૌંદર્ય છે. વિશ્વના પ્રેમઘેલા અણઘડ પ્રવાસી યુવકો, માતાપિતા, સ્નેહી, મિત્રો વિગેરેનો બેપરવાઇથી ત્યાગ કરી કોઈ અપરિચિત સ્થાન તરફ ચાલ્યા જાય છે, એ ઉદ્ધતાઇ ભર્યા કાર્યમાં એ કોઇ પ્રેમી પ્રેમદાના સૌંદર્યનો અલૌકિક ચમત્કાર હોય છે. શાંત સુધારસ ઝીલતી રાગ દ્વેષ વિનાની પ્રતિમાની સૌંદર્યતા અને તેમાંથી પ્રાદુર્ભૂત થતાં અનેક આત્મીય રહસ્યો ભક્ત જનોના કુમળા દીલમાં આનંદનાં ઝરણાં વહાવે છે. સમશેરની સૌંદર્યતા સાહસિક સબળ શૂરવીરોને શૂરાતન સમર્પે છે. કવિઓના કલ્પના પરિપૂર્ણ અને રૂ જેવાં પોચાં હૈયામાં અનુપમ વિચારસરિતા

વહન કરાવનાર એ સૃષ્ટિની વર્ષાઋતુની અને વસંતઋતુની કેવળ સૌંદર્યતાજ છે. અડગપણે બ્રહ્મચર્ય પાલનાર ઋષિમુનિઓની પવિત્રતાપર પાણી પ્રસરાવનાર અને ચારિત્રપર શૂન્ય મૂકાવનાર પણ એજ હળાહળ વિષ સમાન સૌંદર્યતા છે. સૌંદર્યતાનો ચમત્કાર ખરેખર આ વિશ્વમાં તો અદ્ભૂત છે. સુંદરપણું એજ સૌંદર્યતા; પણ તેને ઓળખવાની જરૂર છે.

એવો એક દેશ નથી, એવું એક નગર નથી અને એવું એક સદન નથી કે જ્યાં એ સૌંદર્યની પૂજા ન થતી હોય. પ્રત્યેક મનુષ્યને અને પ્રત્યેક પક્ષીને એ પ્રાપ્ત કરવાની તીવ્ર આકાંક્ષા હોય છે. કોઇ ચસમાના ચળકાટમાં, કોઇ પોતાના ગંભીર રાખેલા વદનકમળમાં અને કોઇ પરદેશી, ઝીણા રંગબેરંગી રેશમી વા સુતરાઉ વસ્ત્રોમાં પોતાની સૌંદર્યતા માની બેસે છે. કોઇ સાબુવડે બેચાર વખત ઘસી ઘસી સ્નાન કરવાથી થતી બગલાની પાંખ જેવી સફેદ ત્વચામાં પોતાની સૌંદર્યતાની પરિસીમા બાંધે છે, કોઇ અત્તર જેવા સુગંધી પદાર્થોવડે સુવાસીત બનતા અને ચળકતા ગુચ્છા અને ચાંચો પાડેલા કેશમાં અથવા તો સુવર્ણમાં કે ઝવેરીઓના ચંદ્રની કાન્તિને લજાવે તેવા કિંમતી ઝવેરાતમાં મઢાઈ જવામાં પોતાની સૌંદર્યતાની સંપૂર્ણતા થયેલી માની બેસે છે, પરંતુ વાસ્તવિક રીતે એવી સૌંદર્યતાની માન્યતા કપોલકલ્પિત છે.

સૌંદર્યતાના બે પ્રકાર પાડી શકાય. એક આંતરિક અને બીજી બાહ્ય. જેને માટે આપણે સૌ મથી રહ્યા છીએ તે બાહ્ય સુંદરતા છે. બાહ્ય સુંદરતામાં માયાનો હાથ હોય છે, અને આંતરિક સુંદરતામાં પવિત્રતાનો વાસ હોય છે. જ્યારે આપણે કોઇ બાળકના રતાશ મારતા મુખનું દર્શન કરીશું ત્યારે તે મલીન હોવા છતાં આપણે તેનો સ્પર્શ કરી તેનાવડે આપણાં ખોળા મલીન કરીશું, ત્હોયે આપણે આપણુને ધન્યભાગ્ય માનીશું. તેથી વિરૂદ્ધમાં કોઈ દંતવિહીન ગલીત અંગવાળા ખડખડ પાંચમ પ્રતિ દૃષ્ટિ દોડાવીશું તો એવાને જોતાંજ આપણી નાસિકા ઇન્દ્રિય ચઢી જશે અને કપાલપ્રદેશપર કરચલી બંધાશે. તેનું બોલ્યું સાંભળવાને બદલે તીરસ્કારી કાઢીશું. આમ જે વ્યક્તિને આપણે શૈશવ અવસ્થામાં આનંદ ઉલટભેર રમાડીએ છીએ તેજ વ્યક્તિ જો એકાએક વૃદ્ધના સ્વરૂપમાં ફેરફાર થઇ જાય તો તેજ વ્યક્તિપર આપણુને અણગમો છુટશે. આ પ્રમાણે બે ભિન્ન ભિન્ન ભાવનાઓને જન્મ આપનાર એ બાહ્ય સુંદરતા છે. બાળક નિર્દોષ અને કપટ રહિત હોય છે અને એની નિર્દોષતા, ભોળાપણું વિગેરે આત્મિય સદ્ગુણો બહાર ઝળકી ઉઠી આપણુને આકર્ષે છે. તેથીજ કહેલું છે કે -Heaven

lies about us in our childhood. આપણી શૈશવાવસ્થામાં પરમાત્મા આપણી પાસેજ હોય છે.

બાહ્ય સુંદરતા ક્ષણિક વા નાશવંત છે. આત્મિક સુંદરતા આત્માની પેઠે શાશ્વત વા ચિરંજીવી હોય છે. આત્મિક સુંદરતા વિના બાહ્ય સુંદરતા મેળવવા મથવું એ દ્રવ્ય વિનાની કોથળીને દ્રવ્યપૂર્ણ કોથળી તરીકે બતાવવા જેટલુંજ હાસ્યાસ્પદ છે. બાહ્ય સુંદરતાનો આધાર વિત્ત ઉપર છે, જ્યારે આત્મિય સૌંદર્યતાની પ્રાપ્તિનો આધાર સંયમ અને મનોનિગ્રહ ઉપર અને પાપનાં ગરનાળાનાં મજબુત બંધ ઉપર છે. સૌંદર્યતાના યજ્ઞમાં હોમાતાં વિત્તને પ્રાપ્ત કરવા આપણે પ્રાતઃકાળથી સૂર્યાસ્ત સુધી તનતોડ મહેનત કરવી પડે છે, કપાળ પરથી પ્રસ્વેદબિંદુ ક્ષણે ક્ષણે સારવા પડે છે, અને ચિંતારૂપ ચિતામાંથી બહાર નીકળવા વારો આવતો નથી; વધારામાં આપણા મનુષ્યજીવનની અમુલ્ય ઘડીઓનો આત્માના હિતની વાત તેમાં નહીં વર્તતી હોવાને લીધે નિરર્થક વ્યય કરવો પડે છે; છતાંયે તે સૌંદર્યતા ટકતી નથી, પાણીના પરપોટાની પેઠે ફુટી જાય છે અને બરફની માફક કાળચક્રની ગરમીનો સ્પર્શ થતાં ગળી જાય છે. અન્તિમ સમયે તેનું ચમત્કૃતિભર્યું પરિવર્તન થઇ જાય છે. કોમળ અને માંસલ અંગો ગળી જઇ હાડકાં તરી આવે છે, ત્વચાપર કરચલી પડવાથી સ્નાયુઓ બહાર દીસી આવે છે; મસ્તકના રેશમી કેશ સફેદ થઈ જાય છે; દાંત રહિત મ્હોં ખાડાખડીઆવાળું લાગે છે અને ઉંડી પેસી ગયેલી નિસ્તેજ કરમાયેલી આંખો બીહામણી દેખાય છે. મ્હોંમાંથી, નાસિકામાંથી અને ફીક્કી ચક્ષુઓમાંથી મલીન પદાર્થો બહાર દેખા દે છે અને આખું હાડપીંજર સમાન શરીર પડું પડું થતું હોય તેમ ધ્રુજ્યા કરે છે.

ઉપર્યુક્ત પરિવર્તન થઈ જનારા સૌંદર્યને મેળવવા માટે અને તેને ટકાવી રાખવા માટે નિષ્ફળ પ્રયાસો કરવા કરતાં શાશ્વત સાંદર્યતા મેળવવા મથવું એજ આપણાં જીવનનું કાર્ય હોવું જોઇએ. શાશ્વત સુંદરતા મેળવવામાં આપણે પરમાત્મા મહાવીરના કથનો પ્રમાણે વર્તવું પડશે, સત્પંથે પળવું પડશે, અઢાર પાપસ્થાનોને નિવારવા પડશે વિગેરે વિગેરે ધર્મક્રિયાઓ કરવી પડશે. આ એક રીતે જેટલું સહેલું છે તેટલુંજ બીજી રીતે અઘરૂં છે. સહેલું લાગનાર વીર છે અને કઠણ લાગનાર કાયર છે. વીર કર્મશત્રુને હંફાવી વિજય મેળવે છે, અને કાયર કર્મશત્રુના કારાગૃહમાં સડે છે. આત્મિય સુંદરતા દ્વારા બાહ્ય સુંદરતા મેળવવી એજ બહાદુર અને કર્મવીરોનું લક્ષણ છે. શાશ્વત સુંદરતા એકજ વેળા મેળવવાથી આપણને અનેક ભવમાં બાહ્ય સંદરતા અને સુખની પ્રાપ્તિ થાય છે. આત્માની પવિત્રતા અને કર્મકલંક રહિતપણું એજ આત્મિક સુંદરતા અને એજ શાશ્વત સુંદરતા.

જેટલે જેટલે દરજ્જે આપણા આત્માની નિર્મળતા તેટલે [illegible] આપણા સૌંદર્યની ઉજ્વળતા. જ્યાં સુધી આત્મા કર્મબદ્ધ છે ત્યાં [illegible] શરીરપર બાહ્ય સુંદરતાનું અસ્તિત્વ અસંભવિત છે. શરીરમાં થયેલો બીગાડ જેમ ગુમડાં. ગાંઠો, કોઢ વિગેરે નાના પ્રકારના રોગ તરીકે બહાર ફૂટી નીકળે છે તેમ આત્માની મલીનતા લૂલાપણું, લંગડાપણું, બ્હેરાપણું, કાણા વા અંધપણું, કુબડાપણું અથવા વામનપણું ઈત્યાદિ રૂપોમાં બહાર દ્રષ્ટિગોચર થવાનીજ. રાજકુમાર અને ગરીબપુત્રના સ્વરૂપમાં, રાજપુત્રી અને ગરીબ કન્યાના સૌંદર્યમાં, અપ્સરા અને માનુષી સ્રીની સુંદરતામાં જો કોઇને લીધે આકાશ જમીનનો તફાવત જણાતો હોય તો તે આત્માની ઉજ્વળતા અને મલીનતાને લીધેજ છે.

જ્ઞાનની આશાતના એ વિસારી દેવા જેવી વાત નથી. જ્ઞાનાવરણીય કર્મ એ એક મહાન્ કર્મ છે કે જે સૌને ભોગવ્યેજ છુટકો. જ્ઞાનની વધતી ઓછી પ્રાપ્તિનો આધાર જ્ઞાનાવરણીય કર્મનાં ઓછાં વધતાં ક્ષયોપશમ ઉપર છે. આપણાથી આ જમાનામાં હસતાં હસતાં જે કર્મ બંધાય છે તેમાં શું શું અનિષ્ઠ પરિણામ આવશે તે આપણી સમક્ષ આ દુઃખી સંસારમાં નજરોનજર પ્રત્યક્ષ દેખાય છે. જ્યારે જ્યારે આપણી નજરે કોઈ અંધ, મુંગો અથવા મનુષ્યાવતારમાં તિર્યંચના જેવા કષ્ટો સહન કરતો જોઇએ ત્યારે ત્યારે આપણે ક્ષણભર થોભી જઇએ ને એ કર્મનાં આવાં માઠાં ફળ વિષે વિચારમાળા ફેરવવી શરૂ કરીએ. જો એવાં માઠાં ફળ ન ભોગવવા ઈચ્છા થાય તો તુરત આપણે તે કર્મબંધનથી વિરમીએ. વળી લાગેલાં કર્મને તપશ્ચર્યાના પવિત્ર જળવડે ધોઈ નાખીએ. જ્ઞાનની આશાતનાની વિશેષતા એ ભવાન્તરમાં અગણિત કષ્ટોને આમંત્રણ કરે છે. એવા કર્મથી આપણે સતત્ દૂરજ ભાગવું ઉચિત છે. એ કર્મ સાથે સાથે સૌંદર્ય મેળવવા મથવું એ એક મ્યાનમાં બે તલવાર મવરાવવા બરોબર છે. તન, મન અને ધનથી જ્ઞાન અને જ્ઞાનીઓની પૂજા, બહુમાન, આદર અને તેની ભક્તિ એ એ કર્મના વિનાશના સાધન છે. ગમે તેવા ચીકણા કર્મને પશ્ચાત્તાપ—હાર્દિક પશ્ચાત્તાપ અવિલંબપણે ઉન્મૂલન કરી મૂકે છે; અને એ કર્મથી આત્મા મુક્ત દશા ભોગવે છે.

હા પસ્તાવો, વિપુલ ઝરણું, સ્વર્ગથી ઉતર્યું છે;
પાપી ત્હેમાં, ડુબકી દઇને, પુન્યશાળી બને છે. [કલાપી.]

**બ્રહ્મચર્યનો નાશ**—એ પણ સૌંદર્ય વિનાશક અમોઘ શસ્ત્ર છે. શરીરપર થતાંચેપી રોગો, નિર્બળતા અને અસ્થિરપણું વિગેરે બ્રહ્મચર્યના ત્યાગથીજ ઉદ્ભવે છે. વિશ્વમાં પ્રચલિત રોગોમાંના ઘણાખરા એનો અમલ નહીં કરવાનાજ પરિણામ જણાય છે. પ્રફુલ્લીત રતુંબડા ગાલને બદલે ઉંડા ઉંડા ખાડા પાડી

about u ગાલ[illegible]ી પાસે મ્હોંના બીહામણાં હાડકાં દેખાડનાર એ બ્રહ્મચર્યનો ત્યાગજ છે. મ્હોંની [illegible]તાને હરાવી કૃષ્ણ વર્ણનું જોર જમાવવામાં પણ એનોજ હાથ છે. નેત્રનો ચળકાટ દૂર કરી તે પર મલીનતા પ્રસારનાર, યાદશકિત અને મજબૂત શરીરનો અન્ત આણનાર એ ત્યાગ આપણો એક મહાન્ શત્રુ છે. એનો ત્યાગ ન કરવાથી મનુષ્ય કાંન્તિમય, તેજસ્વી અને અતિશય વીર્યવાન્ બને છે. કહેલું પણ છે કે:-**तेजस्विनो महावीर्या भवेयुः ब्रह्मचर्यतः ।** વિષયલોલુપતા એજ શારિરીક તેમજ આત્મિક સૌંદર્યતાને નિર્મૂળ ઉખેડવાને બસ છે.

બાહ્ય સુંદરતાને મેળવવા નિઃસંશય આપણે સાતે વ્યસનોને તિલાંજલી આપવી જોઈએ. એ કાર્યવડે આપણે આત્મિય સૌંદર્યતાને ખીલવી શકીએ. ધુમ્રપાન, મદિરાપાન, દુષ્ટ વિકારોત્તેજક આહાર, માંસ ભક્ષણ, રાત્રિભોજન અને નાસ્તિકતા એ બધાં આપણા બેઉ પ્રકારના સૌંદર્યના વિકાસની આડે આવનારાં છે. તેઓનાથી બની શકે તેટલું આપણે દૂર રહેવું યોગ્ય છે.

**સૌંદર્યો વેડફી દેતાં, ના ના સુંદરતા મળે;**
**સૌંદર્યો પામતા પ્હેલાં, સૌંદર્ય બનવું પડે.** [ કલાપી. ]

ગુર્જર કવિરત્ન કલાપી પણ આપણને એવુંજ સમજાવે છે. આત્મિક સૌંદર્યતા પ્રતિ બીનદરકારી બતાવ્યાથી આપણને કદી પણ બાહ્ય સુંદરતા મળતી નથી. એવા સૌંદર્યતાની સ્પૃહા રાખ્યા પહેલાં આપણા હૃદયને આપણે સુંદર અને સ્વચ્છ બનાવવું પડશે. આત્માને થોડા ઘણા અંશે પણ કર્મ રહિત બનાવવો પડશે; પણ આપણા હૃદય તો ક્રોધાગ્નિ, કામાગ્નિ, વિરહાગ્નિ, ચિંતાગ્નિ વિગેરેથી બળી રહ્યા છે. આપણાં ચિત્ત અને મ્હોં અભિમાનથી અક્કડ થઇ ગયાં હોય છે; આપણી ચિત્તભૂમિપર રાગ દ્વેષ લોભ અને સ્વાર્થ વિગેરે એક બીજાઓની સખીઓ ઝેરી રાસ રમી રહી હોય છે, વિષયોનો દુર્ગંધમય ધુમાડો આપણા આત્માને કૃષ્ણવર્ણો બનાવી રહ્યો હોય છે, ત્યાં એવી સૌંદર્યતા મેળવવાનો પ્રયાસ રણમાં ડાંગર વાવવા જેટલોજ સફળ છે. જયાંસુધી પરમાત્મા મહાવીરના દોરેલા પંથે પરવરશું નહીં, ત્યાંસુધી આપણે એ અલૌકિક નૂરને મેળવવાની વાત આકાશકુસુમવત્ લેખવી જોઇએ. જૈન સિદ્ધાન્તોમાંથી ભક્ષ્યાભક્ષ્ય વસ્તુઓનું જ્ઞાન મળી આવે છે, છતાં આપણે મના કરેલી અભક્ષ્ય વસ્તુઓનો આહાર કરી શરીરની અને આત્માની સુંદરતાને નાશમાર્ગે વાળીએ છીએ, અનેક રોગોને જન્મ આપીએ છીએ. રોગીષ્ઠપણામાં—તીવ્ર વેદનાઓ સહન કરવામાં આત્માના શ્રેયની કરણી કયાંથી સૂઝે ? એ તીવ્ર વેદનાઓ ભોગવતાં આપણે અન્ય કોઇને શું દોષ દઇએ ? આપણાં કૃત્યોનેજ દોષ જોઇએ ને વિચારીએ કે:—

Nothing can work me damage, but myself. અ[redacted]સેન્ટ બર્નાડના સૂત્રને અનુસરીએ.

દુર્ગંધમય જગાએ જતાં જેમ આપણું નાક ચઢી જાય છે અને લલાટ પ્રદેશપર કરચલીઓ પડી જઇ મુખ કદ્રૂપું થઈ જાય છે, તેમ આત્માના સંબંધમાં થાય છેજ. સૌંદર્યને ટકાવી રાખવા અગર તો તેને વધારવામાં સમભાવની પ્રથમ આવશ્યકતા છે. આપણાં સૌંદર્યનું અભિમાન અને અસુંદર વસ્તુપ્રતિ અણગમો એ બેઉ આપણા બાહ્ય અભ્યંતર સૌંદર્યને વિનાશ કરવા બસ છે. સૌંદર્ય પ્રતિ પ્રેમપ્રવાહ વહાવી આપણે જેટલી સુંદરતા મેળવીએ તેટલી સુંદરતા અસુંદર વસ્તુપ્રતિ તિરસ્કાર કર્યાથી નાશ પામે છે. સમસ્ત જગતનું કલ્યાણ ઈચ્છનારા મહાત્માઓ અને સંતો કે જે પોતાની કોઇ સ્તુતિ કરે, વા નિંદા કરે, માર મારે વા પંપાળે, સુવાસિત વસ્તુ મૂકે વા કુવાસીત વસ્તુ મૂકે, પુષ્પમાળ પહેરાવે વા કંટકમાળ પહેરાવે, માન આપે વા અપમાન કરે તોપણ તેમના પ્રતિ સમભાવ અને ક્ષમાદૃષ્ટિ રાખી પોતાનું ચીંતવેલું કાર્ય કરવામાં એકતાર થઇ રહે છે. તેમના મુખારવિન્દ તરફ ક્ષણભર જ્યારે આપણે અવલોકીએ છીએ ત્યારે આપણે તેમની પવિત્રતા અને સૌંદર્યતા પાસે આપણી અપવિત્રતા અને તુચ્છ સુંદરતા તરી આવતી જોઇએ છીએ અને શરમના માર્યા પૃથ્વી ખણીએ છીએ. તેમના મુખ પર છવાઇ રહેલા અલૌકિક ચળકાટવડે અંજાઇ જઇએ છીએ અને તેમના વદનકમળ પર આનંદ યુંક્ત વીલસી રહેલી દૈવી પ્રભાવશાળી છાયા જોઇ આપણી લઘુતા અનુભવીએ છીએ. આપણે પ્રાસાદમાં હોઈએ કે જંગલનાં ઝુંપડામાં હોઇએ, ગરીબ વા શ્રીમંત હોઇએ, સુસ્વરૂપી વસ્તુ જોઇએ વા કદ્રૂપી વસ્તુ જોઇએ, તોપણ જ્યારે અંતઃકરણમાં સમાન પ્રસન્નતા વ્યાપશે ત્યારેજ આપણે એ સૌંદર્ય યુગલના અરે! એવી એક કોઇ દૈવી પ્રકારની સુંદરતાના અધિકારી થઇ શકીશું.

તપશ્ચર્યાથી સૌંદર્યનો વિનાશ થાય છે એના જેવી બીજી અધમ માન્યતા શું હોઇ શકે? તેથી ઉલટું તપશ્ચર્યા કર્મવિચ્છેદ કરવાનો ઉત્તમ ઉપાય છે. કર્મ રહિતપણામાંજ આત્માની શોભા છે—સુંદરતા છે. પરમાત્મા મહાવીર પ્રભુએ ઘોર તપશ્ચર્યા કરી તેથી તેમની કાન્તિનો લોપ થવાને બદલે, અદ્વિતીય કાન્તિમાન્ બન્યા, અને દુષ્પ્રાપ્ય ભામંડળ તેમના વદનકમળ આસપાસ ભ્રમણ કરવાં માંડ્યું. એવીજ તપશ્ચર્યાના પ્રભાવવડે શ્રી શ્રીપાળ મહારાજાનો કોઢ ગયો. તપશ્ચર્યાવડે શારીરિક દૌર્બલ્ય વૃદ્ધિંગત થાય છે એ જુદી વાત, પણ આત્માના બળથી ઇંદ્રાસન ડોલી જાય, તેવી અનંતી શક્તિ આગળ એવી દુર્બળતાના શા હિસાબ? એવી શારીરિક દુર્બળતાની ગણતરી કરવી એ "ધોકણાં

about u

તણખી પાસે પુમડાં વિણવા જવું" એ કહાણીને અમલમાં મૂકવા બરાબર છે. તપશ્ચર્યાવડેજ આભવ અને અન્ય ભવોમાં આપણે કોઈ દૈવી રૂપવાળા થઈએ છીએ. તપશ્ચર્યા આપણા આત્માને અને તત્પશ્ચાત્ આપણા તનુને જેવું તેજસ્વી અને દેદિપ્યમાન બનાવે છે તેવું પીયર્સ સાબુ, પફપાઉડર, સુંદરતા વધારવાની ઔષધિઓ, વિવિધ પ્રકારનાં રસમર્દન, ચાહ, કોફી અને સેન્ટ વિગેરે ખર્ચાળ વસ્તુઓ બનાવવા અસમર્થ છે. એના સેવનથી સૌંદર્ય વધવાને બદલે ઘટેજ જાય છે. તેના સતત્ અભ્યાસને લીધે આપણને તેના વિના નભતું નથી. આપણે તેના લીધે શરીરના—એક નાશવંત પુદ્ગલ પિંડના ગુલામ જેવા થઇ પડીએ છીએ. શરીરની ગુલામીમાં આત્માની સ્વતંત્રતા અને સુંદરતા ન સંભવી શકે.

(અપૂર્ણ.)

## કેટલાક શ્લોકો.

લેખકઃ—સર **પ્રભાશંકર દલપતરામ પટ્ટણી.** કે. સી. આઈ. ઇ.

જોવી જેને નજર ન પડે વક્ર તાલેવરોની,
ખાયે જેઓ ઉદર ભરીને પંક્તિ દૂર્વાંકુરોની;
થંડાં વારિ નદીસરતણાં પી નીરાંતે ભમે છે,
તેવી સાદી હરિણશિશુની જીંદગાની ગમે છે. ૧

જે ચીજો કે વસુવિભવથી લોકને મોહ થાય,
ને જે મોહે હૃદય જનનાં પાપ માટે તણાય;
એ પૈસો કે વિભવ અમને સ્વપ્નમાં યે હશો મા,
એવાં હોયે સુકૃત કદી તો સુકૃતો યે થશો મા. ૨

શત્રુઓનું પણ હૃદયથી જે ભલું ઇચ્છનારા;
દુઃખી દેખી અવર જનને દુઃખી જેઓ થનારા;
જે પોતાનાં પરજન વિષે ભેદ ના લેખનારા,
એવા વાંસે હરિહર ફરે થૈ સદા ચોકીવાળા. ૩

જો કે ક્યારો સલિલથકી હું સર્વદા રાખું લીલો,
તો યે જ્યારે ઋતુસમયમાં મોસમીએ ન ખીલ્યો;
ત્યારે તો જે બહુ શ્રમ કરી પાઈને પ્રેમપાણી.
ઉછેર્યો મ્હેં કુમળી વયથી તે થયું ધૂળધાણી. ૪

મારી આખી અવનિપરની જીંદગાની વિષે મેં,
રાખી હોયે મુજ અહિત પરે દૃષ્ટિ જે રીતની તે;
એવી યે જો મુજ ઉપર તું રાખશે શ્રી મુરારિ,
તો યે ત્હારો અનૃણી થઈને પાડ માનીશ ભારી. ૫